RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 24* Date: 13.11.2022, Sunday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# મોદીએ વિશાખાપટ્ટનમને ૧૦,૫૦૦ કરોડના પ્રોજેક્ટ ભેટમાં આપ્યા, વિકાસની આ યાત્રા બહુપક્ષીય છે

વિશાખાપટ્ટનમ,તા.૧૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદી શનિવારે આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમમાં હાજર રહ્યા હતા. આ દરમિયાન તેમણે રાજ્યને રૂ. ૧૦ હજાર ૫૦૦ કરોડથી વધુના પ્રોજેક્ટની ભેટ આપી હતી. આ પછી, તેમણે વિકાસ પ્રોજેક્ટ્સના મોડલની પણ સમીક્ષા કરી. વડાપ્રધાન સાથે આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી વાયએસ જગન મોહન રેડ્ડી, રાજ્યપાલ બિસ્વ ભૂષણ હરિચંદન અને કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવ હાજર રહ્યા હતા.

આ દરમિયાન જનતાને સંબોધતા વડાપ્રધાન મોદીએ કહ્યું કે, આઝાદીના અમૃતમાં દેશ વિકસિત ભારતના લક્ષ?ય સાથે વિકાસના પંથે ઝડપથી આગળ વધી રહ્યો છે. વિકાસની આ યાત્રા બહુઆયામી છે. આમાં સામાન્ય માણસની જરૂરિયાતો અને શ્રેષ્ઠ આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરની રચનાનો સમાવેશ થાય છે. વડાપ્રધાને કહ્યું કે, સપ્લાય ચેઈન તાર્કિક અને મલ્ટિમોડલ કનેક્ટિવિટી પર નિર્ભર છે. એટલા માટે અમે ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ માટે નવો અભિગમ અપનાવ્યો છે. અમે વિકાસના સંકલિત દ્દષ્ટિકોણને મહત્વ આપ્યું છે.

હું જાણું છું કે આંધ્રપ્રદેશના લોકો લાંબા સમયથી આ પ્રોજેક્ટ્સની રાહ જોઈ રહ્યા છે. આજે રાહનો અંત આવી રહ્યો છે. હવે આંધ્રપ્રદેશ અને તેના દરિયાકાંઠાના વિસ્તારો નવી ગતિએ આગળ વધશે. ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું આ એકીકૃત દ્દશ્ય પીએમ ગતિ શક્તિ માસ્ટર પ્લાનને કારણે શક્ય બન્યું છે, એમ તેમણે જણાવ્યું હતું. ગતિ શક્તિ યોજનાએ માત્ર ઈન્ફ્રાસ્ટ્રક્ચર નિર્માણની ગતિને વેગ આપ્યો નથી, પરંતુ પ્રોજેક્ટની કિંમતમાં પણ ઘટાડો કર્યો છે. પીએમ ગતિ શક્તિ માસ્ટર પ્લાનને કારણે ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું આ એકીકૃત દ્દશ્ય શક્ય બન્યું છે. ગતિ શક્તિ યોજનાએ માત્ર ઈન્ફ્રાસ્ટ્રક્ચર નિર્માણની ગતિને વેગ આપ્યો નથી, પરંતુ પ્રોજેક્ટની કિંમતમાં પણ ઘટાડો કર્યો છે. પીએમ ગતિ શક્તિ માસ્ટર પ્લાનને કારણે ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો આ એકીકૃત દ્દષ્ટિકોણ શક્ય બન્યો છે.

## ‘રોજ ખાઉં છું ૩ કિલો ગાળો, મારી અંદર પ્રોસેસથી બની જાય છે પોષણ‘: વડાપ્રધાન



પીએમ મોદીએ સીએમ કેસીઆર રાવ અને રાજ્યની શાસક ટીઆરએસ પર જોરદાર હુમલા કર્યા હતા. પીએમ મોદીએ કહ્યું કે મારી અંદર ઘણી તાકાત છે કારણ કે હું ઘણી ગાળો ખાઉં છું. મોદીએ કહ્યું કે તેઓ નિરાશા, ભય અને અંધવિશ્વાસને કરાણે મોદીને સવાર-સાંજ ગાળો બોલે છે. પાણી પી-પીઈને ગાળો બોલે છે. આવા લોકોએ આખી ઉંમર ગાળો દેવામાં કાઢી નાખી છે. તેમની પાસે દેવા માટે ગાળો સિવાય કંઈ નથી. તમે ચિંતા ન કરતા. હું તો છેલ્લા ૨૦-૨૨ વર્ષથી જાતજાતની ગાળો ખાઈ ચૂક્યો છું. તમે જરા પણ ચિંતા ન કરતા.પીએમ મોદીએ કહ્યું કે કેટલાક લોકો ભય, અંધવિશ્વાસને કારણે મોદી માટે પસંદ કરેલી ગાળોનો ઉપયોગ કરશે. હું તમને વિનંતી કરું છું કે તમે આવી યુક્તિઓથી ભટકતા નહીં મોદીએ કહ્યું કે ગાળાઓથી કદી પણ પરેશાન ન થતા, છાતી ફુલાવીને ચાલજો, જુઓ આપણે યાદ રાખવાનું છે કે રાજનીતિ સામાન્ય માનવીની સેવા કરવાનું અને તેમના સમસ્યા ઉકેલવાનું માધ્યમ છે. તેથી રાજનીતિથી આપણો એજન્ડા અને ઈરાદો હંમેશા સેવાભાથી ભરેલો હોવો જોઈએ.તેલંગાણાના મુખ્યમંત્રી પર પ્રહાર કરતા પીએમએ કહ્યું કે, દેશની જનતાને ખબર હોવી જોઈએ કે અહીં તેલંગાણામાં અંધશ્રદ્ધાના નામે શું થઈ રહ્યું છે. જો તેલંગાણાનો વિકાસ કરવો હોય, પછાતપણું દૂર કરવું હોય તો પહેલા અહીંની તમામ પ્રકારની અંધશ્રદ્ધાઓ દૂર કરવી પડશે. તેમણે કહ્યું કે આ શહેર માહિતી અને ટેકનોલોજીનો કિલ્લો છે. જ્યારે હું જોઉં છું કે આધુનિક શહેરમાં અંધશ્રદ્ધાને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે ત્યારે મને ખૂબ દુઃખ થાય છે.પીએમએ કહ્યું કે તેલંગાણામાં જે લોકોને સત્તા મળી છે તેઓ માત્ર મોદીને ગાળો આપવા અને ટીકા કરવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. ×હું ગઈ કાલે સવારે દિલ્હીમાં હતો, બપોરે કર્ણાટક પહોંચ્યો, પછી રાત્રે તમિલનાડુ પહોંચ્યો અને હવે તેલંગાણામાં છું,× તેણે કહ્યું. લોકો મને પૂછે છે કે આ ઊર્જા ક્યાંથી આવે છે? હું કહ્યું છું કે હું દરરોજ અઢીથી ત્રણ કિલો ગાળો ખાઉં છું. ભગવાને મારામાં એવી સૃષ્ટિ બનાવી છે કે બધી જ દૂષણો અંદર જાય અને પોષણમાં પ્રોસેસ થાય, સકારાત્મક ઉર્જા બને. જેનો ઉપયોગ જનતાની સેવામાં થાય છે.

## છત્તીસગઢમાં બૌધ્ધ ધર્માતરણ કાર્યક્રમમાં કોંગ્રેસ મેયરના સામેલ થવા પર વિવાદ

રાજાનંદગાંવ,તા.૧૨

દિલ્હી બાદ હવે છત્તીસગઢમાં બૌધ્ધ ધર્માતરણના એક કાર્યક્રમને લઈ વિવાદ ઉભો થયો છે.આ કાર્યક્રમમાં છત્તીસગઢના રાજાનંદગાંવથી કોંગ્રેસ મેયર હેમા દેશમુખ સામેલ થયા હતાં.આ કાર્યક્રમની વીડિયો સોશલ મીડિયા પર વાયરલ થઈ રહી છે.કાર્યક્રમમાં કહેવાતી રીતે હિન્દુ દેવી દેવતાઓની વિરૂધ્ધ સોગંદ લેવડાવવામાં આવી રહ્યાં છે.વીડિયો વાયરલ થયા બાદ ભાજપે તેને લઈ કોંગ્રેસ પર પ્રહારો કર્યા છે.ભાજપે કહ્યું કે કોંગ્રેસના શાસનમાં હિન્દુ વિરોધ ચરમ પર છે.

હકીકતમાં છત્તીસગઢના રાજાનંદગાવમાં આયોજીત બૌધ્ધ ધર્માતરણ કાર્યક્રમમાં કોંગ્રેસ મેયર હેમા દેશમુખ સામેલ થયા હતાં વાયરલ વીડિયોમાં જોઈ શકાય છે કે કાર્યક્રમ દરમિયાન હિન્દુ દેવી દેવતાઓને ન માનવાના સોગંદ લેવામાં આવી છે વીડિયોમાં લોકો સોગંદ લેતા જોવા મળે છે કે હું કયારેય પણ ગૌરી ગણપતિ કે અન્ય કોઈ હિન્દુ દેવી દેવતાઓનું અનુસરણ કરીશ નહીં અને કયારેય પણ તેમની પુજા કરીશ નહીં મને કયારેય વિશ્વાસ થશે નહીં કે તે ભગવાનના અવતાર હતાં.

આ મામલાને લઈ કેન્દ્રીય રાજયમંત્રી અને છતીસગઢના સરગુજાથી સાંસદ રેણુકા સિંહે કોંગ્રેસની ભુપેશ સરકાર પર પ્રહારો કર્યા છે.કેન્દ્રીય મંત્રીએ કહ્યું છે કે કોંગ્રેસ રાજમાં હિન્દુ વિરોધ ચરમ પર છે અહીં હિન્દુ આસ્થા પર ખુલ્લેઆમ પ્રહારો કરવામાં આવી રહ્યાં છે અને કોંગ્રેસના મેયર હિન્દુ ધર્મની વિરૂધ્ધ સોગંદ લઈ રહ્યાં છે.કોઈ સનાતન વિરોધી કાર્યક્રમ હોય અને કોંગ્રેસથી તાર જોડાયેલા ન હોય તેવું કેવી રીતે હોઈ શકે છે.

જો કે હેમા દેશમુખે પોતાની ઉપર લાગેલા આરોપો પર કહ્યું કે મને માહિતી ન હતી કે ત્યાં આવા કોઈ સોગંદ લેવામાં આવે છે અહીં રાજ્ય સ્તરીય બોધ્ધ સંમેલન હતું બાબા સાહેબ આંબેડકરના પૌત્ર ભીમરાવ યશવંતરાવ આંબેડકર આ કાર્યક્રમમાં આવ્યા હતાં.છત્તીસગઢના પૂર્વ મુખ્યમંત્રી રમન સિંહ તેમાં મુખ્ય અતિથિ હતાં આ બૌધ્ધ સમાજનો કાર્યક્રમ હતો મને આમંત્રણ મળ્યું હગતું આથી હું ત્યાં ગઈ હતી. જો કે મને આયોજકો દ્વારા એવા કોઈ સોગંદ લેવડાવવાની બાબતમાં જાણકારી ન હતી.

જયારે સ્ટેજ પર સોગંદ લેવામાં માટે કહેવામાં આવ્યું તો મને લાગ્યું કે બંધારણના સોગંદ લેવડાવવામાં આવશે પરંતુ જયારે તેમણે કહ્યું કે બ્રહ્મા,વિષ્ણુ મહેશને માનશે નહીં ત્યારે હું હિન્દુ છું અને ભગવાનને માનુ છું તો મેં હાથ ઉપર કર્યા નહીં અને આવા કોઈ સોગંદ લીધા નથી

કેરલ બાદ હવે રાજસ્થાનમાં નરબલિ

## કોટામાં મોટા પુત્રની બિમારી દુર કરવા માટે માતાએ પોતાની જ પુત્રી જીવ લઈ લીધો

### આરોપી મહિલાએ કહ્યું કે તેને સપના આવતા હતાં કે મોટા પુત્રને બચાવવો હોય તો કોઈ એકની બલિ આપવી પડશે

કોટા,તા.૧૨





રાજસ્થાનના કોટાથી સંબંધોની હત્યાનો એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે.અહીં એક અંધવિશ્વાસી માતાએ પોતાના પુત્રનું જીવન બચાવવા માટે માસુમ પુત્રીનો જીવ લઈ લીધો છે.પુછપરછ દરમિયાન મહિલાએ એવો ખુલાસો કર્યો જેને સાંભળી પોલીસ પણ સ્તબ્ધ થઈ ગઈ.આરોપી મહિલાએ કહ્યું કે તેને સપના આવતા હતાં કે મોટા પુત્રને બચાવવો હોય તો કોઈ એકની બલિ આપવી પડશે ત્યારબાદ મહિલાએ આ ઘટનાને પરિણામ આપ્યું હતું.

પોલીસના જણાવ્યા અનુસાર કોટામાં ૩૮ વર્ષીય મહિલાએ પોતાની ૧૩ વર્ષની પુત્રીનું ઓશીકા વડે ગળુ દબાવી હત્યા કરી દીધી હતી ઘટના બાદ પોલીસે તપાસ શરૂ કરી અને શંકાના આધાર પર મહિલા રેખાની પુછપરછ શરૂ કરી પોલીસે કહ્યું કે આરકોપી મહિલા રેખા કંવર હાડા બારાં જીલ્લાના અંતા કસ્બાની શિવ કોલોનીની રહેવાસી છે અને તેના લગ્ન ઓટો ડ્રાઈવર સાથે થયા છે.તે પોતાના પતિ અને ત્રણ બાળકોની સાથે રહે છે આરોપી મહિલાનો મોટો પુત્ર નિકેન્દ્ર છે જેના હ્રદયમાં કાણું હોવાની માહિતી મળી આ સાથે જ એ પણ સામે આવ્યું કે આરોપી મહિલા પોતાના મોટો પુત્રને ખુબ પ્રેમ કરે છે.પુત્રની તબિયતને લઈ મહિલા ખુબ પરેશાન રહેતી હતી આવામાં તેને સપના આવવા લાગ્યા કે એકની બલિ આપશે તો પુત્ર ઠીક થઈ જશે

અંતા પોલીસ સ્ટેશનના પ્રભારી રામલક્ષ્મણે કહ્યું કે હાડાનો માનસિક વિકારની સારવાર ચાલી રહી હતી તેમણે કહ્યું કે સવારે તેણે પાંચમા ધોરણમાં અભ્યાસ કરતી પોતાની પુત્રી સંજનાનું એક ઓશીકાથી ગળુ દબાવીને હત્યા કરી દીધી ઘટના તે સમયે થઈ જયારે મહિલાનો પતિ કામ પર ગયો હતો અને તેનો ૧૬ વર્ષીય પુત્ર નાગેન્દ્ર સ્કુલમાં હતો તેમણે કહ્યું કે દંપત્તિનો સૌથી નાનો પુત્ર શિંગમે ઘટનાના સમયે ઘરે હતો જયારે શિંગમ ને પોતાની માતાને પોતાની બેનની પિટાઈ કરતા અને તેનું ગળુ દબાવતા જોઈ ગઈ ત્યારે તે ભાગી ગયો અને બુમો પાડવા લાગ્યો હતો ત્યારબાદ કેટલાક પડોસી યુવતીને બચાવવા માટે તેના ઘરે પહોંચ્યા હતાં.

તેમણે જોયું તો ઘરના તમામ દરવાજા અંદરથી બંધ હતાં પરંતુ જયારે તેમણે અંદર જોયું તો હાડાએ પોતાની પુત્રીનું ઓશીકાથી ગળુ દબાવી દીધુ હતું આથી પડોસીઓએ દરવાજો તોડી નાખ્યો અને ઘરમાં ગયા હતાં.રામલક્ષ્મણે કહ્યું કે યુવતીને સ્થાનિક હોસ્પિટલ લઈ જવામાં આવી હતી પરંતુ ડોકટરોએ તેને મૃત જાહેર કરી હતી યુવતીના પિતા શિવરાજ સિંહની ફરિયાદ પર પોલીસે હાડા પર હત્યાનો મામલો દાખલ કર્યો છે અને મહિલાની ધરપકડ કરી તેને ન્યાયિક હિરાસતમાં મોકલી આપી છે.એ યાદ રહે કે તાજેતરમાં કેરલમાં નરબલિના ઈરાદે બે મહિલાઓની હત્યા કરવામાં આવી હતી મામલામાં એક દંપત્તિ સહિત ત્રણ આરોપી છે.જેમણે આર્થિક તંગી દુર કરવા અને સમૃધ્ધિ પ્રાપ્ત કરવા માટે આ મહિલાઓની બલિ દીધી હતી હત્યારાઓએ મહિલાઓને માર્યા બાદ તેના શબથી માંસના ટુકડા પણ ખાધા હતાં.

## ગુજરાત વિધાનસભાની ચૂંટણી બાદ સંસદનું શિયાળુ સત્ર શરૂ થઈ શકે છે

નવીદિલ્હી,તા.૧૨

ગુજરાત વિધાનસભાની ચૂંટણી બાદ સંસદનું શિયાળુ સત્ર શરૂ થઈ શકે છે એક ટોચના અધિકારીએ જણાવ્યું હતું કે સત્ર ઓછામાં ઓછું ડિસેમ્બરના ત્રીજા સપ્તાહ સુધી ચાલી શકે છે. સંસદનું શિયાળુ સત્ર સામાન્ય રીતે નવેમ્બરના ત્રીજા સપ્તાહથી લગભગ ૨૦ બેઠકો સાથે શરૂ થાય છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણી ૧ અને ૫ ડિસેમ્બરે યોજાશે. વરિષ્ઠ અધિકારીઓએ જણાવ્યું હતું કે ગુજરાત વિધાનસભાની ચૂંટણી માટે મતદાન પૂર્ણ થયા બાદ સંસદનું આગામી શિયાળુ સત્ર ડિસેમ્બરના પ્રથમ સપ્તાહમાં શરૂ થવાની સંભાવના છે.એક ટોચના અધિકારીએ જણાવ્યું હતું કે સત્ર ઓછામાં ઓછું ડિસેમ્બરના ત્રીજા સપ્તાહ સુધી ચાલી શકે છે. સૂત્રોએ જણાવ્યું હતું કે સત્ર ૭ થી ૨૯ ડિસેમ્બર દરમિયાન યોજવાનું પ્રસ્તાવિત છે અને તારીખો અંગે અંતિમ નિર્ણય સંસદીય બાબતોની કેબિનેટ સમિતિ દ્વારા લેવામાં આવશે. જ્યારે સત્ર જૂની બિલ્ડિંગમાં યોજાય તેવી શક્યતા છે, ત્યારે સરકાર આ મહિનાના અંતમાં અથવા ડિસેમ્બરની શરૂઆતમાં, રૂ. ૧,૨૦૦ કરોડથી વધુના અંદાજિત ખર્ચે બાંધવામાં આવનાર નવી બિલ્ડિંગના પ્રતીકાત્મક સોફ્ટ ઓપનિંગ પર પણ વિચાર કરી રહી છે. તેમ સૂત્રોએ જણાવ્યું હતું. સત્ર સામાન્ય રીતે નવેમ્બરના ત્રીજા સપ્તાહથી લગભગ ૨૦ બેઠકો સાથે શરૂ થાય છે. પરંતુ એવા પ્રસંગો બન્યા છે જ્યારે ૨૦૧૭ અને ૨૦૧૮ દરમિયાન ડિસેમ્બરમાં સત્ર યોજાયું હતું.ગુજરાત વિધાનસભાની ચૂંટણી ૧ અને ૫ ડિસેમ્બરે યોજાશે, જ્યારે ગુજરાત અને હિમાચલ પ્રદેશ બંનેની મત ગણતરી ૮ ડિસેમ્બરે થશે. સરકારે અગાઉ શિયાળુ સત્રની શરૂઆત પહેલા નવી ઈમારતને પૂર્ણ કરવાનો લક્ષ્યાંક નક્કી કર્યો હતો, પરંતુ કેટલાક નિર્માણ કાર્ય નિર્ધારિત મુજબ આગળ વધી શકે છે.બિલ્ડિંગ સંપૂર્ણ રીતે સજ્જ થઈ ગયા પછી પણ, સૂત્રોએ જણાવ્યું હતું કે, બિલ્ડિંગને સંપૂર્ણ રીતે કાર્યરત કરવા અને સાંસદોને તમામ સહાયતા આપવા માટે સ્ટાફને પરિચિત કરવા અને તાલીમ આપવા માટે લગભગ ૧૫-૨૦ દિવસની જરૂર પડશે.સૂત્રોએ જણાવ્યું કે, અત્યાર સુધી એવું લાગતું હતું કે આગામી વર્ષનું બજેટ સત્ર નવા બિલ્ડીંગમાં યોજાઈ શકે છે અને શિયાળુ સત્ર જૂના બિલ્ડીંગમાં યોજવાની વ્યવસ્થા પણ શરૂ થઈ ગઈ છે. કેન્દ્રીય કાયદા પ્રધાન કિરેન રિજિજુએ અગાઉ કહ્યું હતું કે કેન્દ્ર શિયાળુ સત્ર દરમિયાન ૧,૫૦૦ જૂના અને જૂના કાયદાઓ રદ કરશે.

મમતાના મંત્રી અખિલ ગિરિએ રાષ્ટ્રપતિ વિરૂધ્ધ વિવાદાસ્પદ ટીપ્પણી

## રાષ્ટ્રપતિ કેવા દેખાય છે?; ભાજપે મમતાની સરકારને આદિવાસીવિરોધી ગણાવી

કોલકતા,તા.૧૨

પશ્ચિમ બંગાળના મંત્રી અને ટીએમસી નેતા અખિલ ગિરિએ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ પર વિવાદાસ્પદ ટિપ્પણી કરી છે, એ બાદ તેઓ વિવાદોમાં ઘેરાયા છે. તેમણે નંદીગ્રામમાં રાષ્ટ્રપતિના દેખાવને લઈને ટિપ્પણી કરી હતી. તેમણે કહ્યું- ‘અમે કોઈને તેના મોઢાથી નથી આંકતા, અમે રાષ્ટ્રપતિપદનું સન્માન કરીએ છીએ, પરંતુ આપણા રાષ્ટ્રપતિ કેવા દેખાય છે?‘

ટીએમસી નેતાના આ નિવેદન બાદ સીએમ મમતા બેનર્જીની પણ ટીકા થઈ રહી છે. બંગાળ ભાજપનો દાવો છે કે મંત્રીએ ટિપ્પણી કરી ત્યારે મમતા બેનર્જીના મંત્રીમંડળની મહિલા કલ્યાણ વિભાગનાં મંત્રી શશિ પાંજા પણ ત્યાં હાજર હતાં. ભાજપે કહ્યું હતું કે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આદિવાસી સમુદાયથી છે અને મમતા અને તેમની સરકાર આદિવાસીવિરોધી છે.

હકીકતમાં શુક્રવારે ટીએમસી નેતા શહીદ દિવસની ઉજવણીના પ્રસંગે નંદીગ્રામ મતવિસ્તારમાં લોકોને સંબોધન કરી રહ્યા હતા. આ દરમિયાન તેમણે બંગાળમાં વિપક્ષ નેતા સુવેન્દુ અધિકારી પર નિશાન સાધ્યું હતું. તેમણે કહ્યું હતું કે સુવેન્દુ કહે છે કે હું સુંદર નથી, તેઓ કેટલા સુંદર છે. ત્યાર પછી અધિકારીને પડકાર આપતાં

**ભાજપે કહ્યું હતું કે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આદિવાસી સમુદાયથી છે અને મમતા અને તેમની સરકાર આદિવાસીવિરોધી છે.**

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુનું નામ લીધા વગર નિશાન સાધ્યું હતું. ભાષણ દરમિયાન ટીએમસી નેતા સુવેન્દુ અધિકારીને ધમકી આપી. અખિલ ગિરિએ કહ્યું- મમતા બેનર્જી નથી ઈચ્છતા એટલા માટે ચૂપ છું, નહીંતર મારી-મારી કરી તેના હાથ તોડી નાખત.

ભાજપનેતા અમિત માલવીયએ અખિલ ગિરિના આ નિવેદનનો વીડિયો શેર કર્યો છે. તેમણે કહ્યું-મમતા બેનર્જી હંમેશાં આદિવાસીવિરોધી રહી છે. ચૂંટણીમાં તેમણે મુર્મુનું સમર્થન નથી કર્યું. બંગાળના મુખ્યમંત્રી તરફથી આ મુદ્દે કોઈ પ્રતિક્રિયા આવી નથી.

આ પહેલી વખત નથી, જ્યારે કોઈએ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુનું અપમાન કર્યું હોય. આ પહેલાં કોંગ્રેસનેતા અધિર રંજન ચૌધરીએ મુર્મુને ‘રાષ્ટ્રપત્ની‘ કહી વિવાદ ઊભો કર્યો હતો. ત્યારે તેમણે કહ્યું હતું કે તેઓ આજે પણ જવાનો પ્રયત્ન કરશે. ભારતના ‘રાષ્ટ્રપત્ની‘ દરેક માટે છે, આપણા માટે કેમ નહીં.

જોકે ત્યાર પછી તેમણે રાષ્ટ્રપતિને પત્ર લખી માફી માગી હતી. અધીરે લખ્યું- મેં ભૂલથી તમારા માટે ખોટા શબ્દનો ઉપયોગ કર્યો. મારી જીભ લપસી ગઈ. હું માફી માગું છું અને તમને એ સ્વીકારવા વિનંતી કરું છું. કોંગ્રેસના ઉદિત રાજે પણ રાષ્ટ્રપતિ પર ‘ચાપલૂસી‘નો આરોપ લગાવ્યો હતો. બાદમાં તેણે પોતાની ટિપ્પણી બદલ માફી પણ માગી હતી.

## તંત્રી સ્થાનેથી...

# બેવડા લાભની દાનત

કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં એ મતલબનું સોગંદનામું રજૂ કરીને પોતાનો અભિપ્રાય સ્પષ્ટ કરી દીધો કે મુસ્લિમ અને ઈસાઈ દલિતોને અનુસૂચિત જાતિનો દરજ્જો ન આપી શકાય. આ સોગંદનામું આપતાં પહેલાં કેન્દ્ર સરકાર એક પંચની રચના પણ કરી ચૂકી છે, જે આ પ્રશ્ન પર પોતાનું મંતવ્ય આપશે કે દલિત સમાજના જે લોકોએ મુસ્લિમ અને ઈસાઈ ધર્મમાં ધર્માંતરણ કર્યું છે, તેમને અનુસૂચિત જાતિ રૂપે માન્યતા મળવી જોઈએ કે નહીં? આશા રાખીએ કે સુપ્રીમ કોર્ટ આ પંચના રિપોર્ટની રાહ જોશે. એ સાચું કે ભૂતકાળમાં કેટલાક પંચો એમ કહી ચૂક્યા છે કે ધર્માંતરણ કરીને ઈસાઈ અને મુસ્લિમ બની ગયેલા દલિતોને અનુસૂચિત જાતિ રૂપે ઓળખવા જોઈએ, પરંતુ એક તો તેમના નિષ્કર્ષ કંઈ આખરી નથી અને બીજું, એવું કરવામાં ઘણા બધા ખતરા છે. સૌથી મોટો ખતરો તો એ જ છે કે આવા લોકોને અનુસૂચિત જાતિનો દરજ્જો આપી દેવામાં આવે તો છળ-બળથી થઈ રહેલી ધર્માંતરણની પ્રક્રિયાને ભારે બળ મળી શકે. ધ્યાન રહે કે ધર્માંતરણ એક પ્રકારે રાષ્ટ્રાંતરણ જ છે. મોટાભાગનાં ધર્માંતરણ છળ-કપટ અને લોભ-લાલચના સહારે જ થાય છે. સામાન્ય રીતે દલિતો, જનજાતિઓ અને નિર્ધન-વંચિત લોકોનું ધર્માંતરણ એમ કહીને કરાવવામાં આવે છે કે ઈસાઈયત અને ઈસ્લામમાં ના તો કોઈ પ્રકારનો જાતિવાદ છે અને ના જાતિભેદ!

જાતિભેદથી બચવાની આશામાં ધર્માંતરિત થનારા દલિતો બાદમાં એ જ જુએ છે કે જાતિવાદ તેમનો પીછો નથી છોડતો. તેમની સાથે દરેક પ્રકારના ભેદભાવ થાય છે. તેમને અલગ મસ્જિદો અને ગિરિજાઘરોમાં જવા માટે મજબૂર કરવામાં આવે છે. આ પ્રકારે તેમનાં કબ્રસ્તાન પણ અલગ કરી દેવામાં આવે છે. કેથોલિક ચર્ચે તો એ માન્યું પણ છે કે દલિતથી ઈસાઈ બનેલા લોકો સાથે ભેદભાવ કરવામાં આવે છે. આવો જ ભેદભાવ મુસ્લિમ બનેલા દલિત પણ વેઠી રહ્યા છે. સ્પષ્ટ છે કે એ દાવો નિતાંત ખોખલો છે કે ઈસ્લામ અને ઈસાઈયતમાં જાતિવાદ માટે કોઈ સ્થાન નથી. આશ્ચર્ય છે કે પોતાના સમાજમાં જાતિવાદ દૂર કરવાને બદલે ધર્માંતરિત દલિતોને અનુસૂચિત જાતિનો દરજ્જો આપવાની માંગ થઈ રહી છે! તેનો અર્થ છે કે બેવડા લાભ મેળવવાની કોશિશ થઈ રહી છે. એક, અનુસૂચિત જાતિ તરીકે અને બીજો, અલ્પસંખ્યક તરીકે! આ એક પ્રકારે એ દલિતોના અધિકારો પર તરાપ મારવાની જ કોશિશ છે, જેઓ કોઈ લોભ-લાલચ-દબાણને વશ થઈને ધર્માંતરિત નથી થયા. કાયદેસર તો ઈસાઈ અને મુસ્લિમ દલિત જેવી કોઈ સંજ્ઞા જ ન હોવી જોઈએ. કહેવું મુશ્કેલ છે કે આ મામલે સુપ્રીમ કોર્ટ કયા નિષ્કર્ષ પર પહોંચશે, પરંતુ આ પ્રકારની માંગોથી ત્યારે જ બચી શકાય, જ્યારે જાતિ, ધર્મના આધાર પર વિશેષ અધિકાર પ્રદાન કરવાનો સિલસિલો અટકશે. બધાએ એ સમજવું પડશે કે દેશમાં બે જ જાતિઓ કે વર્ગ હોવા જોઈએ - એક અમીર અને બીજો ગરીબ.

# સોનાના વાયદાના ભાવમાં રૂ. ૧,૯૨૫ અને ચાંદીમાં રૂ. ૩,૫૮૫નો સાપ્તાહિક ધોરણે ઉછાળો

ક્રૂડ તેલ બેરલદીઠ રૂ.૩૧૦ લપસ્યુ: કોટનના વાયદામાં તેજીનો માહોલ: મેન્થા તેલમાં નરમાઈ: સપ્તાહ દરમિયાન કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૩૯૫૩૯ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૨૧૪૬૫૦ કરોડનું ટર્નઓવર : બુલડેક્સ વાયદામાં રૂ.૫૨૧ કરોડનાં કામકાજ

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ૪થી ૧૦ નવેમ્બરના સપ્તાહ દરમિયાન ૪૨,૫૯,૩૬૩ સોદાઓમાં કુલ રૂ.૩,૫૪,૭૧૦.૨૧ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૧,૩૯,૫૩૮.૯૧ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૨,૧૪,૬૫૦.૩૩ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર સપ્તાહ દરમિયાન ૧,૪૦૪,૦૦૫ સોદાઓમાં કુલ રૂ.૭૧,૩૯૬.૮૧ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ સપ્તાહના પ્રારંભે રૂ.૫૦,૩૫૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૫૨,૨૧૦ અને નીચામાં રૂ.૫૦,૩૧૦ ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૧,૯૨૫ વધી રૂ.૫૨,૧૦૯ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની નવેમ્બર કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૯૪૨ વધી રૂ.૪૧,૧૨૪ અને ગોલ્ડ-પેટલ નવેમ્બર કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૧૪૮ વધી રૂ.૫,૧૪૫ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૦,૩૨૫ના ભાવે ખૂલી, રૂ.૧,૮૦૮ વધી રૂ.૫૨,૦૩૩ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો ૧ કિલોદીઠ સપ્તાહના પ્રારંભે રૂ.૫૮,૪૪૪ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૬૨,૭૭૮ અને નીચામાં રૂ.૫૮,૪૪૪ ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૩૫૮૫ વધી રૂ.૬૧,૯૧૧ ના સ્તરે બંધ થયો હતો. ચાંદી-મિની નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૩૩૭૦ વધી રૂ.૬૨,૧૦૭ અને ચાંદી-માઈક્રો નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૩,૩૮૯ વધી રૂ.૬૨,૧૫૪ બંધ થયો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં સપ્તાહ દરમિયાન એમસીએક્સ ખાતે ૧૬૭,૯૮૩ સોદાઓમાં રૂ.૨૬,૨૩૮.૫૨ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ નવેમ્બર વાયદો ૧ કિલોદીઠ રૂ.૦.૮૦ વધી રૂ.૨૦૧.૬૫ અને જસત નવેમ્બર વાયદો રૂ.૬.૮૫ વધી રૂ.૨૬૦ના ભાવ થયા હતા. આ સામે તાંબુ નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૩૩.૩૫ વધી રૂ.૬૮૬.૩૫ તેમ જ સીસું નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૧.૪૫ વધી રૂ.૧૮૧ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર સપ્તાહ દરમિયાન ૫૩૯,૮૩૯ સોદાઓમાં કુલ રૂ.૪૧,૪૬૯.૮૪ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ નવેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે રૂ.૭,૩૫૭ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૭,૬૭૬ અને નીચામાં રૂ.૬,૯૧૧ ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે ૧ બેરલદીઠ રૂ.૩૧૦ ઘટી રૂ.૭,૦૩૧ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ નવેમ્બર વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૨ ઘટી રૂ.૪૯૦.૨૦ બંધ થયો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં સપ્તાહ દરમિયાન એમસીએક્સ ખાતે ૪,૭૨૫ સોદાઓમાં રૂ.૪૩૩.૭૪ કરોડનાં કામકાજ થયા હતા. કોટન નવેમ્બર વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૩૦,૭૬૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૩૩,૦૦૦ અને નીચામાં રૂ.૩૦,૭૬૦ ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૧,૭૪૦ વધી રૂ.૩૨,૭૩૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં નવેમ્બર કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૨૧.૨૦ ઘટી રૂ.૯૬૦.૯૦ થયો હતો.

કામકાજની દ્રષ્ટિએ એમસીએક્સ પર સપ્તાહ દરમિયાન કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૨૬,૮૦૩.૪૦ કરોડનાં ૫૨,૨૮૬.૫૪૩ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૪૪,૫૯૩.૪૧ કરોડનાં ૭,૨૮૪.૪૯૫ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૧૫,૧૧૧.૫૬ કરોડનાં ૨૦,૬૮૧,૪૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૨૬,૩૫૮ કરોડનાં ૫ ૦ ૮ ૧ ૦ ૩ ૭ ૫ ૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં રૂ.૪૧૪.૮૨ કરોડનાં ૧૩૦૬૭૫ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૧૮.૯૨ કરોડનાં ૧૯૪.૪ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સપ્તાહના અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૧૭,૩૫૨.૬૫૨ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૮૮૪.૪૮૧ ટન, ક્રૂડ તેલમાં ૯૬૩૫૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૧૩૦૪૮૭૫૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૯૦૯૭૫ ગાંસડી, મેન્થા તેલમાં ૪૮૦.૨૪ ટનના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર સપ્તાહ દરમિયાન બુલડેક્સ વાયદામાં રૂ.૫૨૦.૯૭ કરોડનાં ૭,૨૯૦ લોટ્સ ના વેપાર થયા હતા. બુલડેક્સ નવેમ્બર વાયદો ૧૩,૯૬૯ના સ્તરે ખૂલી, ૬૦૫ પોઈન્ટ વધી ૧૪,૫૪૫ના સ્તરે હતો. ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર સપ્તાહ દરમિયાન રૂ.૨,૧૪,૬૫૦.૩૩ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૧,૪૯૮.૦૭ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૫,૩૩૭.૩૮ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૫૮,૩૬૧.૮૦ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩૯,૪૩૮.૦૬ કરોડનાં કામકાજ થયાં હતાં.

# જૂન ૨૦૨૦માં ગલવાન ઘાટીમાં ચીની સૈનિકોની ઘૂસણખોરી અણધારી નહોતી

## ચીન અને શી ઈચ્છે છે કે ભારતના પીએમ દેશ વિદેશમાં નિષ્ફળ નીવડે

નવીદિલ્હી,તા.૧૨

આંતરરાષ્ટ્રીય નિષ્ણાતોના ગુપ્તચર અભ્યાસમાંથી બહાર આવેલા આ અહેવાલે સૌની ઊંઘ ઉડાડી દીધી છે. અત્યાર સુધી ગલવાન ખીણમાં હિંસક અથડામણ બંને દેશના સૈનિકો વચ્ચે અચાનક તુ-તુ, મેં-મૈંનું પરિણામ હોવાનું માનવામાં આવતું હતું. પરંતુ હવે આંતરરાષ્ટ્રીય નિષ્ણાતોના અભ્યાસ અહેવાલે ચીનના ષડયંત્રનો પર્દાફાશ કર્યો છે. ભારતીય સૈનિકોએ પોતાની શહાદત આપીને ભારત માતાની પરાકાષ્ઠા બચાવી હતી, નહીં તો ચીન ભારતના ઘણા મોટા વિસ્તારો પર કબજો કરવાનો ઈરાદો ધરાવે છે.

ગલવાન ખીણમાં ચીની સૈનિકોની ઘૂસણખોરી કારણ વગર ન હતી. આંતરરાષ્ટ્રીય અભ્યાસના અહેવાલ મુજબ અક્સાઈ ચીન વિસ્તારમાં ચીની સૈનિકોની ઘૂસણખોરી તમામ વિવાદિત વિસ્તારો પર સંપૂર્ણ કબજો કરવાના ઈરાદાથી કરવામાં આવી હતી. આ માટે ચીની સૈનિકો સંપૂર્ણ પ્લાનિંગ સાથે ભારતીય સરહદમાં ઘૂસી ગયા હતા. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે શી જિનપિંગ વિવાદિત સરહદી વિસ્તાર પર કાયમી નિયંત્રણ મેળવવાની કોશિશ કરી રહ્યા છે. તેમનો ઈરાદો ચીન દ્વારા વાસ્તવિક નિયંત્રણ રેખા (LAC) ના તમામ



વિવાદિત વિસ્તારો પર કબજો કરવાનો હતો. પરંતુ ભારતીય સૈનિકોએ ચીનને પીછેહઠ કરવાની ફરજ પાડી હતી.

ગલવાન ઘાટીમાં ચીની સૈનિકો સાથે હિંસક અથડામણમાં ૨૦ ભારતીય સૈનિકો શહીદ થયા . જો કે ભારતીય સેનાના જણાવ્યા અનુસાર આ અથડામણમાં ચીનના લગભગ ૫૦ સૈનિકો પણ માર્યા ગયા હતા. પરંતુ ચીને તેનો ખુલાસો કર્યો નથી. જો ચીનને ભારતીય સૈનિકો દ્વારા પાઠ ન શીખવવામાં આવ્યો હોત તો તેઓ ભારતના ઘણા મોટા વિસ્તારો પર કબજો કરી લેત. ગુપ્તચર અભ્યાસ અનુસાર ચીનનું આ ષડયંત્ર એક-બે વર્ષના આયોજનનું પરિણામ ન હતું, પરંતુ તે લગભગ ૧૫ વર્ષથી પ્રયાસ કરી રહ્યું છે. ચીન વાસ્તવિક નિયંત્રણ રેખા પરના તમામ વિવાદિત વિસ્તારો પર કબજો કરવા માંગે છે. રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે આ માટે ચીનના સૈનિકો વર્ષમાં સાતથી આઠ વખત ભારતીય સરહદમાં ઘૂસણખોરી કરે છે. જો કે, ભારતના અહેવાલ મુજબ, ચીની સૈનિકો આના કરતા વધુ વખત ઘુસણખોરીની કોશિશ કરે છે. પરંતુ ભારતીય સેનાની સતર્કતાના કારણે તે અત્યાર સુધી સફળ થઈ શક્યા નથી.

ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગની સેના જૂન ૨૦૨૦ માં નિયંત્રણ રેખા સાથેના તમામ વિવાદિત વિસ્તારો પર કબજો કરવા માંગે છે. અભ્યાસમાં ઓછામાં ઓછા ૧૩ એવા સ્થળોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જ્યાં ચીને સંપૂર્ણપણે કબજો કરવાના ઈરાદા સાથે પ્રવેશ કર્યો હતો. આ માટે શી જિનપિંગે યુદ્ધની સંપૂર્ણ તૈયારી પણ કરી લીધી હતી. ચીની ફૂટ સૈનિકો ઉપરાંત લડાયક વાહનો પણ મોટી સંખ્યામાં સરહદ પર પહોંચી ગયા હતા. ચીન વિવાદિત વિસ્તારોને બળ વડે કબજે કરવાનો પ્રયાસ કરી રહ્યું હતું.

ચીનનો ઈરાદો નિયંત્રણ રેખા પાસેના તમામ વિવાદિત પ્રદેશો પર કબજો કરીને પીએમ મોદીને દેશ-વિદેશમાં નિષ્ફળ સાબિત કરવાનો હતો. જેથી તે પાકિસ્તાનને પણ મજબુત બનાવી શકે અને તે ભારતની અંદર ગૃહયુદ્ધ સર્જી શકે. ચીન જાણતું હતું કે જો તે તેના પર કબજો કરવામાં સફળ થશે તો ભારતમાં પીએમ મોદીનો ભારે વિરોધ થશે અને લોકો તેમને સત્તા પરથી હટાવી દેશે. ત્યારે પાકિસ્તાનને જમ્મુ-કાશ્મીરમાં પણ તેનો ફાયદો મળશે. આ પછી તેણે પાકિસ્તાનને કાશ્મીર કબજે કરવામાં મદદ કરી હશે. પરંતુ ભારતીય સૈનિકોએ શી જિનપિંગના પગલાને નષ્ટ કરી નાખ્યું.

# પીએફઆઈ મિશન ઈસ્લામિક સ્ટેટ' પર એનઆઈએએ ૪૦ મુસ્લિમ યુવકોને નોટિસ પાઠવી

પટણા, તા.૧૨

બિહારના પટનામાં પીએફઆઈના ફુલવારી શરીફ મોડ્યુલ કેસમાં ઍનઆઈએએ એક મોટી કાર્યવાહી કરતા ૪૦ મુસ્લિમ યુવકોને નોટિસ ફટકારી છે. ઍનઆઈએએ ઓફિસમાં તેમની એક પછી એક પૂછપરછ કરવામાં આવશે.

આ કેસમાં શનિવારે ગિયાસુદ્દીન અને સોનુ નામના યુવકની પૂછપરછ કરવામાં આવી હતી. એવું કહેવામાં આવી રહ્યું છે કે, ફુલવારી શરીફમાં એક ઘર ભાડે લઈને આતંકી કેમ્પ તરીકે ઉપયોગ કરવામાં આવી રહ્યો હતો. આ તમામ યુવાનોએ ત્યાં સામેલ હતા. આ વર્ષે ઓગષ્ટ મહિનામાં તે મકાનને સીલ કર્યા બાદ કેટલાક વાંધાજનક દસ્તાવેજો પણ મળી આવ્યા હતા. જેમાં દેશને ૨૦૪૭ સુધીમાં ઈસ્લામિક સ્ટેટ બનાવવાનો ખુલાસો થયો હતો. આ દરમિયાન ત્યાં બેઠકમાં હાજરી રજિસ્ટરમાં મીટિંગમાં ભાગ લેનારા અને આતંકવાદી કેમ્પમાં ભાગ લેનારા લોકોના નામ અને સરનામાં નોંધાયેલા જોવા મળ્યા હતા. તેના આધારે ઍનઆઈએએ ફુલવારી શરીફ અને નજીકના ૪૦ યુવકોને પૂછપરછ માટે નોટિસ ફટકારી છે.

આ સમગ્ર મામલે પોલીસે પહેલા ૨૬ લોકો વિરુદ્ધ પટનાના ફુલવારી પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર દાખલ કરી છે. તેમાં અત્યાર સુધીમાં ૫ લોકોની ધરપકડ થઈ છે. જેમાં મોતિહારીના એક મદરેસામાંથી એક મૌલવીની પણ ધરપકડ કરવામાં આવી હતી. ૨૧ હજુ પોલીસની ગિરફ્તથી બહાર છે. બાદમાં પટના પોલીસ દ્વારા આ કેસ એનઆઈએને સોંપવામાં આવ્યો હતો. એનઆઈએએ આ તમામ ૨૬ આરોપીઓના ઘરે દરોડા પાડ્યા હતા અને ઘણા મહત્વપૂર્ણ દસ્તાવેજો પણ મળી આવ્યા છે. ટેરર ફંડિંગના મળેલા મજબૂત પુરાવાના આધારે પણ ઘણા લોકો પર સકંજો કસવામાં આવ્યો હતો.

બીજી તરફ પીએફઆઈ અને તેની સાથે જોડાયેલા સંગઠનો પર પ્રતિબંધ મૂક્યા બાદ કેન્દ્ર સરકારે યુએપીએ હેઠળ કાર્યવાહી માટે બિહાર સરકારને વિગતવાર વિગતો સાથે ૭ આતંકવાદીઓની યાદી મોકલી છે. આના પર પગલાં લેતા બિહારના ગૃહ વિભાગે તમામ સંબંધિત જિલ્લા મેજિસ્ટ્રેટની તેમના બેંક ખાતા અને મિલકતો સહિતની તપાસ શરૂ કરી છે.

# 'બનશે જનતાની સરકાર'ના નામે કોંગ્રેસે ગુજરાતનો ચૂંટણી ઢંઢેરો જાહેર કર્યો

અમદાવાદ,તા.૧૨

ગુજરાત ચૂંટણીના બ્યૂંગલ વાગી ચૂક્યા છે. ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી પોતાના મોટા ભાગના ઉમેદવારો જાહેર કરી ચૂક્યું છે. ત્યારે ગુજરાત કોંગ્રેસે ચૂંટણી ઢંઢેરો જાહેર કરી દીધો છે. રાહુલ ગાંધીએ ગુજરાત માટે કરેલા ૮ વચનોને સ્થાન આપવામાં આવ્યું છે. જેમાં ખેડૂતાના દેવા માફ કરવા, રૂ. ૫૦૦માં ગેસ સિલિન્ડર આપવા, લોકોને ૩૦૦ યુનિટ સુધી વીજળી ફ્રી આપવી સહિતના ૮ વાયદાઓ કરવામાં આવ્યા છે.

રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોત, રઘુ શર્મા, શક્તિસિંહ ગોહિલ અને પ્રદેશ કોંગ્રેસના નેતાઓની હાજરીમાં ચૂંટણી ઢંઢેરો જાહેર કરાયો છે. 'બનશે જનતાની સરકાર'ના નામે ઢંઢેરો જાહેર કરવામાં આવ્યો છે. જગદીશ ઠાકોરે જણાવ્યું હતું કે, કોંગ્રેસ ૧૨૫ બેઠકો સાથે જનતાની સરકાર બનાવી રહી છે. જનતાના પ્રશ્નોને વાચા આપતા ચૂંટણી ઢંઢેરો જાહેર કર્યો છે.

અશોક ગેહલોતે જણાવ્યું હતું કે, દેશની પરંપરા રહી છે કે એક વાર શિલાન્યાસ અને નામકરણ થયા બાદ તેનુ નામ બદલાતુ નથી. પરંતુ ભાજપે જે નામ બદલવાની પરંપરા શરૂ કરી છે તે યોગ્ય નથી. સરદાર સન્માન ગૃપના કાર્યકરો રાજસ્થાન મુખ્યમંત્રી અશોક ગેહલોતને મળી રજુઆત કરી હતી. કોંગ્રેસના મેનીફેસ્ટોમાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમનું નામ બદલીને પુનઃ સરદાર પટેલ સ્ટેડિયમ કરવાની માંગ કરી હતી. આજે જ્યારે કોગ્રેસ મેદાનમાં આવ્યું છે ત્યારે કેજરીવાલ કે આપ ક્યાંય જોવા મળતુ નથી.આપની રાજનીતિ અંગે ગેહલોતે જણાવ્યું હતું કે, છછઁ માત્ર ભાજપને ફાયદો પહોંચાડવા જ આવ્યું છે. પંજાબમાં જીત બાદ તેમણે હિમાચલ પર ફોક્સ કર્યું હતું. હાલ છછઁ હિમાચલ પ્રદેશમાં ક્યાંય દેખાતું નથી. આપ હિમાચલપ્રદેશ ચૂંટણીમાંથી કેમ નીકળી ગયું એની જાહેરાત કરે. ભાજપ સાથે છછઁ એ શું સેટિંગ કર્યું એની જાહેરાત કરે. કોંગ્રેસ મેદાનમાં ઉતરતા જ આપઁ ગુજરાતમાંથી ગાયબ થઈ ગયું છે. ગેહલોતે વધુમાં જણાવ્યું હતું કે, નરેન્દ્ર મોદી સ્ટેડિયમને સરદાર પટેલ સ્ટેડિયમ નામ આપવામાં આવશે. કોંગ્રેસના મેનીફેસ્ટોમાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમનું નામ બદલવાનું વચન આપવામાં આવ્યું છે.

**ગુજરાત કોંગ્રેસનો ચૂંટણી ઢંઢેરો વચનો**

૧. ગુજરાતની મહિલાઓને ૫૦૦ના ભાવે ગેસનો બાટલો મળશે, ૨. નિયમિત સરકારી ભરતી કેલેન્ડર બહાર પાડવામાં આવશે, ૩. વિદ્યાર્થિનીને KG થી PG સુધી રૂ. ૫૦૦ થી ૨૦,૦૦૦ સુધીની શિષ્યવૃત્તિ, ૪. સસ્તા ભાવે ગુણવત્તાયુક્ત દવાઓની ઉપલબ્ધિ માટે જનતા મેડિકલ સ્ટોરની સુવિધા, ૫. ખેડૂતોને ખેત પેદાશોના વાજબી ભાવ માટે ભાવ નિર્ધારણ સમિતિની રચના, ૬. કામધેનુ ગૌ સંવર્ધન યોજના હેઠળ પ્રતિ વર્ષ રૂ.૧૦૦૦ કરોડનું બજેટ, ૭. માછીમાર વિકાસ નિગમની પુનઃ રચના કરાશે, ૮. શ્રમિકો માટે સમાન કામ અને સમાન વેતનનો અમલ મળશે, ૯. શ્રમિકોને પીએફ, ઈ.એસ.આઈ અને બોનસનો લાભ મળશે, ૧૦. શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં મહિલાના નામે મળશે ઘરનું ઘર, ૧૧. પંચાયતના તમામ કર્મચારીઓ માટે કોન્ટ્રાક્ટ પ્રથા બંધ કરી કાયમી ભરતી, ૧૨. SC/ST/OBC અને લઘુમતી સમાજ માટે કાયમી અનામત આયોગની રચના, ૧૩. વિધવા, વૃદ્ધ, એકલ નારી અને જરૂરિયાતમંદ મહિલાને મહિને રૂ.૨૦૦૦ નું ભથ્થું, ૧૪. નાત, જાત, ધર્મ કે પક્ષીય ભેદભાવ વગર કાયદાનું શાસન સ્થપાશે, ૧૫. સંતુલિત ઔધોગિક નીતિ અમલમાં લાવવામાં આવશે, ૧૬. સિરામિક, એન્જિનિયિંગ, કાપડ અને હીરા ઉદ્યોગ માટે સ્પેશિયલ ક્લસ્ટર, ૧૭. બંદરગાહ, ઊર્જા અને ઈન્ફરાસ્ટ્રક્ચરનો વિકાસ કરાશે, ૧૮. બારમાસી બંદરોનો વિકાસ કરવામાં આવશે, ૧૯. પ્રદૂષણ મુક્ત ગુજરાત બનાવવામાં આવશે, ૨૦. મોટેરા સ્ટેડિયમનું નામ સરદાર વલ્લભભાઈ પટેલ સ્ટેડિયમ કરાશે

# ચોટીલા-લીંબડીમાં ફરી ભાઈ-બહેનની જોડી જ મેદાનમાં, કોંગ્રેસે ફરી ભાઈ બહેનને ટિકિટ આપી

અમદાવાદ,તા.૧૨

વિધાનસભાની ચૂંટણીને લઈ હવે કોંગ્રેસે યાદી જાહેર કરી છે. જેમાં સુરેન્દ્રનગરમાં ભાઈ-બહેનની જોડીને રિપીટ કર્યા છે. વિગતો મુજબ કોંગ્રેસે લીંબડી-સાયલા બેઠક ઉપર કલ્પના મકવાણા અને ચોટીલા બેઠક પર ઋત્વિક મકવાણાને ટિકિટ આપી છે. આ બંને ભાઈ બહેન કોંગ્રેસના પીઢ નેતા કરમશીભાઈ મકવાણાના સંતાનો છે.

લીમડી ચોટીલા બેઠક પર કોળી સમાજ પ્રભૂત્વ રહ્યું છે. પંથકમાં કદાવર કોળી નેતા અને ગાંધી વાદી છાપ ધરાવતા કરમશીભાઈ મકવાણા પરિવારે શિક્ષણ ક્ષેત્રે ખૂબ કામ કર્યું અનેક શાળાઓ ચલાવીને સેવાની સુવાસ ફેલાવી છે. જેને લઈ કોંગ્રેસે આ મુદ્દાને ધ્યાને લઈને પરિવારના ભાઈ-બહેનને ફરી મેદાને ઉતારીને ભાજપ કિરીટ સિંહ રાણાને જોરદાર ટક્કર આપી છે.



કોળી જ્ઞાતિનું પ્રભુત્વ ધરાવતી લીંબડી બેઠક ઉપર પીઢ કૉંગ્રેસી અને કોળી આગેવાનની પુત્રીને ટિકિટ આપીને કૉંગ્રેસે જ્ઞાતિનું સમીકરણ સાચવવા સાથે મહિલા મતદારોને આકર્ષવાનો એક કાંકરે બે પક્ષી મારવાનો ખેલ કર્યો છે. બીજી બાજુ કૉંગ્રેસનું મોવડી મંડળ ધ્રાંગધ્રામાં કોને ટિકિટ આપવી તેની ગડમથલમાં છે. હાલમાં જાહેર થયેલા ત્રણેય ઉમેદવારે પોતપોતાના સમર્થકો અને ટેકેદારો સાથે પોતપોતાના ઈષ્ટદેવનાં આશીર્વાદ લઈને પ્રચારકાર્ય આરંભી દીધું છે.

ચોટીલા-સાયલા વિસ્તારમાં કૉંગ્રેસમાં પ્રભુત્વ ધરાવતા સ્વ. કરમશીભાઈ મકવાણાનાં સંતાનો ચૂંટણી લડી રહ્યાં છે. ૨૦૦૭માં ચોટીલા-વઢવાણમાં મહિલાને ટિકિટ આપીને ભાજપે રાજકીય સમીકરણો બદલ્યાં હતાં. પરંતુ કરમશીભાઈનાં દીકરી કલ્પનાબેન ૨૬૬૦૪ મતથી હારતાં ભાજપે બેઠક ગુમાવી હતી પરંતુ પેટાચૂંટણીમાં કલ્પનાબેનના ભાઈ મહેશભાઈને લડાવીને સીટ હાથવેંત કરી હતી.

મહત્વનું છે કે, કલ્પનાબેન ભાજપમાં રહીને ૨૦૧૦માં જિલ્લા પંચાયતની ડોળિયા બેઠક જીતીને ઉપપ્રમુખ બન્યાં હતાં. ત્યાર પછી ભાજપ સાથે છેડો ફાડીને કૉંગ્રેસમાં જોડાયાં અને ૨૦૧૫માં જિલ્લા પંચાયતના પ્રમુખ અને ૨૦૨૦માં વિરોધ પક્ષના નેતા બન્યાં હતાં.સાયલાના તળપદા મતદારો પરની પકડને કારણે કૉંગ્રેસે તેમને ટિકિટ આપીને ભાજપના કિરીટસિંહ રાણાને કાંટાની ટક્કર આપી છે.

લીંબડી વિધાનસભા મતવિસ્તારમાં લીંબડીની સાથે સાયલા તાલુકાનાં ગામોનો સમાવેશ કરવામાં આવે છે. આ વિધાનસભા વિસ્તારમાં સૌથી વધુ કોળી મતદારો છે. કોળી જ્ઞાતિનું પ્રભુત્વ ધરાવતી આ બેઠક ઉપર કૉંગ્રેસે પીઢ કૉંગ્રેસી આગેવાન કરમશીભાઈ મકવાણાનાં દીકરી અને ચોટીલાના વર્તમાન ધારાસભ્ય ઋત્વિક મકવાણાનાં બહેન કલ્પનાબહેન મકવાણાને મેદાનમાં ઉતાર્યાં છે. કૉંગ્રેસ આ બેઠક ઉપર કોળી જ્ઞાતિના ઉમેદવારને જ ટિકિટ આપતી આવી છે ત્યારે આ વખતે મહિલા ઉમેદવારનો પણ ફાયદો લેવા કલ્પનાબેનને ટિકિટ આપી છે. તેઓ જિલ્લા પંચાયતમાંથી ચૂંટાયેલા છે અને અગાઉ પ્રમુખ પણ રહી ચૂક્યાં છે. કોળી અને મહિલા મતદારોને આકર્ષવાનો પ્રયાસ છે.

કૉંગ્રેસના સોમાભાઈ પટેલ અને ભાજપના કિરીટસિંહ રાણા વચ્ચે ટક્કર જામી હતી. જેમાં ૧૪૬૫૧ મતે સોમાભાઈ જીત્યા હતા.

# કેન્દ્રની સીધા કરવેરાની આવક રૂા. ૧૦.૫૪ લાખ કરોડ : ૩૧ ટકાનો વધારો

નવીદિલ્હી,તા. ૧૨

દેશમાં કોરોના કાળ પછી રિકવરી તેજ બની છે અને કેન્દ્ર સરકાર તથા રાજ્યોને જીએસટીની આવક ૧.૫૦ લાખ કરોડથી પણ વધુ દર મહિને થઈ રહી છે તે સમયે સીધા કરવેરામાં પણ કેન્દ્રની આવકમાં ૩૧ ટકાનો વધારો થયો છે અને તા. ૧૦ નવેમ્બર, ૨૦૨૨ની સ્થિતિએ કેન્દ્રની સીધા કરવેરાની આવક રૂા. ૧૦.૫૪ લાખ કરોડ પહોંચી ગઈ છે.જે ગત વર્ષે આ સમયની સરખામણીમાં ૩૧ ટકા જેટલી વધુ છે. જેની સામે નેટ રિફંડ રૂા. ૮.૭૧ લાખ કરોડનું આપવામાં આવ્યું છે અને તે પણ ૨૭ ટકા વધુ છે. કેન્દ્ર સરકારને ૨૦૨૨-૨૩ના બજેટમાં જે સીધા કરવેરાની આવકનો અંદાજ મુકાયો હતો તેના ૬૧.૩૧ ટકા રકમ મળી ગઈ છે. કોર્પોરેટ ઈન્કમટેક્સની કુલ આવક ૨૨.૩ ટકા વધી છે જ્યારે વ્યક્તિગત આવકવેરાનું કલેકશન ૪૪.૬૪ ટકા વધી ગયું છે અને રિફંડને ગણતરી લેતા સીધા કરવેરાની આવકમાં કોર્પોરેટ ટેક્સમાં ૨૪.૫૧ ટકા અને વ્યક્તિગત ઈન્કમટેક્સમાં ૨૮.૦૬ ટકાનો વધારો થયો છે.

૧ એપ્રિલથી ૧૦ નવેમ્બર સુધીમાં રૂા. ૧.૮૩ લાખ કરોડનું આવકવેરા રિફંડ આપી દેવામાં આવ્યું છે જે ગત વર્ષની આ ગાળાની સરખામણીમાં વધુ છે. કેન્દ્ર સરકારની આવકમાં આ રીતે વધારો થતા માર્ચના અંતે તમામ એસ્ટીમેન્ટ કરતા સીધા અને આડકતરા કરવેરાની આવકમાં વધારો થશે. જો કે માનવામાં આવે છે કે ડાયરેક્ટ ટેક્સની આવકમાં થયેલા વધારામાં કોર્પોરેટ ઈન્કમ વધી છે અને ચાલુ વર્ષે કંપનીઓના પરિણામ પણ ઉંચા આવે તેવા સંકેત છે.ઓક્ટોબર માસની જીએસટીની આવક પણ રૂા. ૧.૫૧ લાખ કરોડથી વધી ગઈ હતી અને જીએસટીના આગમન બાદ બીજી વખત આ આવક ૧.૫૦ લાખ કરોડને પાર થઈ છે. જો કે તેમાં ફુગાવાની સ્થિતિ અને વધેલા ભાવોને જવાબદાર ગણાવાય છે. અને તેથી જ આગામી માસમાં મળનાર જીએસટીની બેઠકમાં સ્લેબમાં ફેરફાર સહિતની અનેક દરખાસ્તો છે.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ





NOG SS No-106
NOG-સાહિત્ય સરિતા-ગ્રુપ
વિષય-×વીરતા પરમો ધર્મ:×
શીર્ષક:-×હું ઊગી પત્થર તોડીને×
પ્રકાર:-ગદ્ય
શબ્દ:-૧૫૦
..........................

એક જમાનામાં-

એક ગામથી બીજે ગામ જવા માટે-ચાલી નાખતી!-જે એકાદ/બે કિલોમીટરનું અંતર હોય! ઊનાળાના ધોમ ધખ્યા તડકામાં રસ્તે ચાલતાં નાનકડાં જંગલ જેવું આવે! અને ત્યાં એકાદ લીમડાનું કે વડનું ઝાડ દેખાય તેના છાંયડે, પાંચ/દસ મિનિટનો આરામ કરી લેતી.

આવા એક આરામના સમયે વડના ઝાડની નીચે એક વિચાર મનમાં ઝબકી ગયો!!

હા!! આ વડની વડવાઈ પત્થર ફાડીને જમીનની અંદર ઘૂસી ગઈ! અને

જમીનમાં અંધારામાં ફેલાતી જ ગઈ,ફેલાતી જ ગઈ!!!(એને અંધારાંની બીક

નહોતી લાગતી??!)

જમીનના જુદીજુદી જાતના રસો ખેંચીને

કોણ જાણે કેટલાં વર્ષોથી - વડવાઈમાંથી વડ બની !!??પશુઓ,પક્ષીઓ,પ્રાણીઓઅને માણસોને,

આરામની સાથે દરેક જાતની જરૂરિયાતો પૂરી કરી ! જીવન અર્પણ કરે છે.

ટાઢ/તડકો/વા/વરસાદ દરેક પ્રકારના ઝંઝાવાતનો સામનો કરી, પૃથ્વી પરના જીવને જીવન પૂરું પાડે છે.

ત્યારે કવિ નાનાલાલની કવિતા યાદ આવી ×ઊંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઈ જા×

આવાં અંધારાંના ભયને ઊલેચી,ઝંઝાવાતોનો સામનો કરવાની તાકાત અને પરોપકાર કરવો!! -- એજ ×ધર્મ× કહેવાય.

એજ વીરતા છે.

મુક્તિદા કુમાર
'રુપલી'
મહારાષ્ટ્ર-મુંબઈ.

......................

NOG સાહિત્ય સરિતા
NOG SS No - 119
શબ્દ : વીરતા પરમો ધર્મ
પ્રકાર : ગદ્ય
શીર્ષક : વીરતા પરમો ધર્મ
શબ્દો : ૨૫૧

જીવનમાં કોઈની સાથે ઈર્ષ્યા કે વેરઝેર ભૂલીને હેતપ્રેતથી સાથે મળીને આનંદ લૂંટતા રહીએ એવી વિચારસરણી અમલમાં મૂકીને એક સારા વ્યક્તિત્વની છાપ ઉભી કરીએ.

સામેની વ્યક્તિ ગમે તેટલું આપણા વિશે ખરાબ બોલે,કરે કે વિચારે પણ આપણે ક્યારેય એ વ્યક્તિની સાથે વયમનસ્ય રાખ્યા વગર હસતા મૂખે તેમની સાથે માન મરતબો રાખીને વર્તન કરવાથી સામેની વ્યક્તિમાં આપોઆપ પરિવર્તન આવશે.

વીરતા પરમો ધર્મ ની વાતને આગળ વધારવા માટે યુવાવર્ગને સક્રીય કરીને સનાધન ધર્મની સાથે - સાથે માનવધર્મ ની વાતને વધુ વેગવંતી બનાવવા માટે સમજાવીએ અને તેનો અમલ થાય તેવું સુચારું આયોજન કરવામાં આવે.

યુવાનોને દેશની પ્રગતી નું આગોતરું આયોજન કરવામાં આવે તેમાં એક નાનકડા ગામમાં વસવાટ કરતા યુવાનોની રાય લેવામાં આવે અને અમલમાં મૂકવા જેવા વિચારોનું અમલીકરણ થાય તેનું ખાસ ધ્યાન રાખી રસલેતા કરવા જોઈએ.વીરતા પરમો ધર્મ નું વિસ્તૃતીકરણ કરવાનો પ્રયત્ન કર્યો છે.

'વી' - વીર વચ્છરાજ
જેવા રખેવાળી કરીએ,
'ર' - રસપૂર્વક સાંભળતા
રહીએ,
'તા' - તારીફ (પ્રસંશા)
કરતા રહીએ,
'પ' - પરિવાર સાથે સતત
જોડાયેલા રહીએ,
'ર' - રતન દુ:ખિયા કદાપી
ન થઈએ,
'મો' - મોહ-માયા
જીવનમાં થી છોડીએ,
'ધ' - ધર્મની ધજા
લહેરાવીએ
'ર્મ' - મર્મ ને સમજી
આગળ વધીએ.

'વી' - વીર વચ્છરાજ જેવા રખેવાળ બનીએ, 'ર' - રસપૂર્વક સાંભળતા રહીએ, 'તા' - તારીફ કરતા રહીએ, 'પ' - પરિવાર સાથે જોડાયેલા રહીએ, 'ર' - રતન દુ:ખિયા કદાપી ન થઈએ, 'મો' - મોહ-માયા છોડીએ, 'ધ' - ધર્મ ની ધજા લહેરાવીએ, 'ર્મ' - મર્મ રૂપી ધરમને સમજી આગળ વધીએ. એટલે 'વી - વીર વચ્છરાજ જેવા શૂરવીર બનીને રખેવાળુ કરી ર - રસપૂર્વક ગૌધન બચાવીએ, તા - સારા માણસની તારીફ કરતા રહીએ, પ - પરિવાર નાં પુષ્પો જેમ ખિલતા રહીએ, ર - રતન દુ:ખિયા કદાપી ન બનીએ, મો - મોહ-માયા છોડી દઈએ, ર્મ - સનાતન અને માનવતા નાં ધર્મની ધજા લહેરાવીએ અને ધર્મને સમજીને ખુબ આગળ વધીએ. વીરતા પરમો ધર્મ ને અપનાવીએ.

ડૉ જગદીશ કે રણોદરા (બંધવ)
વીસાવડી-વરણોસરી-શંખેશ્વર-વાહેદપુરા

# કાળું નાણું બનાવવાની રીતો ખતમ થવી જોઈએ...

હું ડૉક્ટર છું, તેથી જ
હું બધા પ્રામાણિક ડોક્ટરોની માફી માંગુ છું.

●........ હાર્ટ એટેક આવ્યો હતો

ડૉક્ટર કહે - સ્ટ્રેપ્ટોકીનેઝ ઈન્જેક્શન આપો... ૯,૦૦૦/= રૂ. ઈન્જેક્શનની વાસ્તવિક કિંમત રૂ. ૭૦૦ / થી ૯૦૦ / = રૂ., જ્યારે એમઆરપી રૂ. ૯,૦૦૦/=! તમે શું કરશો

૫૫૫ ટાઈફોઈડ થયો

ડૉક્ટરે લખ્યું. કુલ ૧૪ મોનોસેફ લો! હોલસેલ કિંમત રૂ.૨૫/= હોસ્પિટલના કેમિસ્ટ રૂ.૫૩/ = આપે છે. તમે શું કરો છો??

● ..........,,,, કિડની ફેલ્યર .ત્રણ દિવસમાં એકવાર ડાયાલિસિસ કરવામાં આવે છે.., ડાયાલિસિસ કરવામાં આવે છે અને ઈન્જેક્શન આપવામાં આવે છે. ફી ૧૮૦૦ રૂ.

તમને લાગતું હશે કે હું તેને જથ્થાબંધ બજારમાંથી લઈશ...! આખા ભારતમાં શોધું છું પણ ક્યાંય મળતો નથી... કેમ?

કંપની માત્ર ડોકટરોને જ સપ્લાય કરે છે!!

ઈન્જેક્શનની મૂળ કિંમત ૫૦૦/= છે, પરંતુ તેમની હોસ્પિટલમાં ડૉક્ટરની ફી ૧,૮૦૦/= છે.

તમે શું કરો છો??

......... ઈન્ફેક્શન થયું છે. ડૉક્ટર દ્વારા સૂચવવામાં આવેલ એન્ટિબાયોટિક રૂ.૫૪૦/=

૧૫૦/= સમાન અન્ય કંપની તરફથી અને સામાન્ય રૂ. ૪૫/=

પરંતુ કેમિસ્ટ ઈનકાર કરે છે. અમે કોઈ સામાન્ય દવા આપતા નથી.., માત્ર ડૉક્ટરનું પ્રિસ્ક્રિપ્શન... એટલે કે ૫૪૦ / = તમે શું કરશો...?? બજારમાં અલ્ટ્રાસાઉન્ડ ટેસ્ટની કિંમત રૂ. ૭૫૦/=, ટ્રસ્ટ ફાર્મસી રૂ. ૨૪૦/= રૂ.૭૫૦ ડોક્ટરના કમિશનમાંથી ૩૦૦/= રૂ.....!

એમઆરઆઈ પર ડૉક્ટરનું કમિશન રૂ. ૨,૦૦૦/= થી ૩,૦૦૦/=

ડોક્ટરો અને હોસ્પિટલોની આ લૂંટ, બેફામ, નિર્ભય, નિર્ભય ભારત દેશમાં ચાલે છે...!

દવા કંપનીઓની લોબી એટલી મજબૂત છે કે તેઓ સીધા જ દેશને બંધક બનાવી રહ્યા છે....!

ડોક્ટરો અને ફાર્માસ્યુટિકલ કંપનીઓ સામેલ છે! બંને સરકારને બ્લેકમેલ કરી રહ્યા છે...!!

મોટો પ્રશ્ન...

મીડિયા દિવસ-રાત શું બતાવે છે?

ખાડામાં પડેલો રાજકુમાર, ડ્રાઈવર વિનાની કાર, રોકી સાવંત, બિગ બોસ, સાસુ, ક્રાઈમ રિપોર્ટ, ક્રિકેટરની ગર્લફ્રેન્ડ આ બધું બતાવો...

પરંતુ ડોક્ટર કંપનીઓ, હોસ્પિટલ અને દવા બનાવતી કંપનીઓ તેની સ્પષ્ટ લૂંટ કેમ બતાવતી નથી?

જો મીડિયા સમાજની મદદે નહીં આવે તો કોણ કરશે?

મેડિકલ લોબીની ક્રૂરતા કેવી રીતે રોકવી?

શું આ લોબી સરકારને નીચે લાવી રહી છે?

મીડિયા કેમ ચૂપ છે?

૨૦ રૂપિયા વધુ માંગશો તો ઓટોરિક્ષા ચાલકને માર પડશે...

તમે ડોક્ટર માટે શું કરો છો???

જો તમને લાગે કે આ સાચું છે, તો દરેકને મોકલો! જાગૃતિ લાવો અને જાગૃતિ લાવવા માટે તમારો સાથ આપો....

લાગે
સઘળું જ પાસે છે,
કેંક તો ખૂટતું લાગે.
કેવું મજબુત મન છે,
છતાં,કેમ તૂટતું લાગે?
પોલીસ થાણામાં છું,
પણ કોક લૂંટતું લાગે.
મોહમાયા છોડ્યા છતાં,
સાધુમાં શું ખૂંટતું લાગે.
નાદ ઉઠે અડધી રાતે,
ભીતરે વછૂટતું લાગે
ધમાલ બધી ભીતરમાં ,
અંદર કશું ટપકતું લાગે!!
ભરત વૈષ્ણવ
૧૧.૯.૨૦૨૨.ઈ કવિતા

---------------------

સાસણની લાયોનેસ લાડીને લિલિયાના લાયન લાડાને ત્યાં પારણું બંધાવ્યું.

રાજુ રદી મારા ઘરમાં ફ્રન્ટિયર મેઈલની સ્પીડમાં એન્ટર થયો.કાજુકતરીનું બોક્સ ખોલી બે કાજુકતરી રાજુ રદીએ તેનામોંમાં ઠુંસી દીધી . મને અડધી કાજુકતરી આપી.

" ગિરધરભાઇ ,અભિનંદન !! મોં મીઠું કરો!!" રાજુએ હરખભેર મને કહ્યું.

"રાજુ. શેના અભિનંદન?? વીંગ કમાન્ડરને પ્રમોશન મળ્યું તેના?" મેં રાજુને પૂછયું. " ના" રાજુએ નકારમાં દસશેરિયો હલાવ્યો.

"સર્વેમાં સાહેબ વિશ્વમાં સર્વાધિક લોક પ્રિય નેતા બન્યા તેના અભિનંદન આપે છે?"

"ના. હા. ના" રાજુ ટુ બી ઓર નોટ ટુ બીમાં ઉલ્ઝાયો!!

" ગિરધરભાઇ . એવા સમાચાર છે કે તમે ખુશીથી ઝૂમી ઉઠશો." રાજુંએ રહસ્ય ઘેરું કર્યું

"રાજુ. વાતમાં મોણ નાંખ્યા સિવાય ભસી મરને" હું અકળાઇ ઊઠ્યો.

" ગિરધરભાઇ. તમે મામા થઇ ગયા!"

" રાજુ મારી કોઇ બેને ત્યાં બાળક જન્મયું નથી.

" ગિરધરભાઇ . તમે જુનાગઢના જ ને?"

રાજુએ જાળ બિછાવી.

" રાજુ. હું સોરઠનો છું તેનું મને ગૌરવ છે. તેનું શું છે?"મેં પૂછયું "જૂનાગઢના શકરબાગમાં સાસુની સિંહણ અને લીલીયાના સિંહની નજર અને જીગર મળી ગયેલા.

લાયન અને લાયોનેસને ત્યાં પ્રથમ કબ - બચ્ચું જન્મ્યું છે!! તમે મામા થયા કે નહીં??"રાજુએ મને ડાલામથ્થાનો મામો બનાવ્યો! લાકડે માંકડું વળગાડ્યુ.

" ઓહ,નો .રાજુ. તું મારી નસો ખેંચવાનું ક્યારે બંધ કરીશ??"મેં નારાજગી જાહેર કરી.

"ગિરધરભાઇ . સિંહ પેન્થેરા લીઓ બિલાડી જાતિ નું એક પ્રાણી છે. જો કે બ્લાડીને વાઘની માશી કહે છે, પરંતું, સિંહની માશી કહેતા નથી, એ અલગ વાત છે. !!પેટા સહારન આફ્રિકાના ઘાસના મેદાનો, ઝાડી અને ખુલ્લા ,મેદાનમાં રહેતા સિંહ એ વિશ્વની બીજી સૌથી મોટી બિલાડી છે. તે વાઘ કરતા થોડું નાનું જાનવર છે, જે બને પ્રજાતિ નજીકથી સંબંધિત છે અને તેના શરીરના પ્રકાર પણ ખૂબ સમાન છે.અન્ય બિલાડીઓથી વિપરીત, સિંહો ખૂબ સામાજિક પ્રાણીઓ છે. તેઓ લગભગ ૩૦ સિંહોની આસપાસ ની સંખ્યા ના જૂથોમાં રહે છે, જેને પ્રાઇડ કહેવામાં આવે છે. પ્રાઇડમાં ત્રણ પુરુષો, ૧૦ થી વધુ સંબંધિત માદાઓ અને તેમના બચ્ચા હોય છે. પ્રાઇડનું કદ ખોરાક અને પાણીની ઉપલબ્ધતા દ્વારા નક્કી થાય છે. જો સંસાધનોની અછત હોય, તો પ્રાઇડ માં સિંહો ની સંખ્યા ઓછી હોય છે. પ્રાઇડના સભ્યો ગર્જના કરીને એક બીજાનો ખ્યાલ રાખે છે. નર અને માદા બંનેમાં ખૂબ શક્તિશાળી ગર્જના કરી શકે છે જે ૮ કિમી કે ૫ માઇલ સુધી આસાની થી સાંભળી શકાય છે. સિંહ ની ગર્જના પ્રાણીઓ માં સૌથી મોટી ગર્જના હોય છે. સિંહ પછી વાઘ ની ગર્જના લમ્બા અંતર સુધી સાંભળી શકાય છે. "રાજુએ કહ્યું.

" રાજુ . જે સિંહણે બચ્ચાને જન્મ આપ્યો તેણીએ બેબી બમ્પ સાથે રેમ્પ પર લાયોનેસ વોક કરેલ કે કેમ?" મેં રાજુને પૂછયું!!" ગિરધરભાઇ.સિંહણની ગોદ ભરાઈ કે સીમંતની વિધિ કરી હતી કે કેમ? સિંહણની પહેલી પ્રસુતિ પિયર સાસણમાં કરેલી કે સાસરા લિલિયા ખાતે થયેલ હતી? સિંહણની પ્રસુતિ નોર્મલ, ફોરસેપ કે સિઝેરિયનથી થયેલી? કબ પ્રિમેચ્યોર જન્મેલ ? ઈનક્યુબેટર - કાચની પેટીમાં રાખેલ?" રાજુએ પ્રશ્નોની ઝડી વરસાવી.

"રાજુ. સિંહણ જૂનાગઢના સકકરબાગમાં રહે છે. બધા સવાલ સિંહણ કે આરએફઓને પૂછી આવ. ઓળીઝોળીને પિપળપાન સિંહબાળના નામ શું રાખ્યા તે પણ જાણતો આવજે!!" મેં કહ્યું.

રાજુ રદી ભીગી બિલ્લીની માફક પગ દબાવીને સંચળ-અવાજ ન થાય તેમ નીકળી ગયો!!

ભરત વૈષ્ણવ
૧૧.૧૧.૨૦૨૧.ઈહાસ્યલેખ

## ચૂંટણી પહેલા એટીએસના ગુજરાતમાં ૧૩ જિલ્લામાં ૧૫૦થી વધારે સ્થળે દરોડા, ૯૦ની ધરપકડ

અમદાવાદ,તા.૧૨

ગુજરાત વિધાનસભાની ચૂંટણી પહેલા એટીએસએ મોટી કાર્યવાહી કરી છે. રાજ્યના ૧૩ જિલ્લામાં ૧૫૦ સ્થળોએ એટીએસના દરોડા ચાલી રહ્યા છે. શુક્રવારે મોડી રાતથી દરોડાની કામગીરી શરૂ થઇ ગઇ છે.

ગુજરાત એટીએસ અને જીએસટી વિભાગ સંયુક્ત ઓપરેશન ચલાવી રહી છે અને અત્યાર સુધીમાં સુરત, અમદાવાદ, જામનગર, ભરૂચ અને ભાવનગર જેવા જિલ્લાઓમાં ૧૫૦ સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા છે. આ દરોડા આંતરરાષ્ટ્રીય માર્ગો પર ટેક્સ ચોરી અને નાણાંની લેવડ-દેવડને લઈને પાડવામાં આવી રહ્યા છે.

એક અહેવાલ મુજબ સાજિદ અજમલ શેખ અને શહજાદ નામના વ્યક્તિઓ એટીએસની રડાર પર હતા અને આ બંને પર કેટલાંક દિવસોથી નજર રાખવામાં આવી રહી હતી. ATSએ શુક્રવારે સૌથી પહેલાં આ બંનેની ધરપકડ કરી હતી. તપાસમાં ખબર પડી કે સાજિદ અને શહજાદ આખા રાજ્યમાં જીએસટી ચોરીનું એક મોટું રેકેટ ચલાવતા હતા. આ મામલામાં કરોડા રૂપિયાની ટેક્સ ચોરી થઇ હોવાનું જાણવા મળ્યું છે. એવી આશંકા પણ દર્શાવવામાં આવી છે કે પકડાયેલા સાજિદ અને શહજાદના તાર PFI અને હવાલા રેકેટ સાથે જોડાયેલા છે.

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પ્રથમ તબક્કાના મતદાનને હવે અઢી સપ્તાહ બાકી છે. ગુજરાતમાં ૧ અને ૫ ડિસેમ્બરના રોજ મતદાન થશે તે પહેલા ATS-GST વિભાગના દરોડાથી ચૂંટણી રાજ્યમાં ઉત્તેજના વધી છે. જોકે, આ મામલો ત્યારે જ ચૂંટણીનો મુદ્દો બની શકે છે જ્યારે એ સ્પષ્ટ થશે કે જેઓ પકડાયા છે તેઓ કોઈ રાજકારણી સાથે જોડાયેલા તો નથી ને. ચૂંટણીની ઉત્તેજનાઓ વચ્ચે શુક્રવારે આવકવેરા વિભાગે પણ ગુજરાતમાં અનેક સ્થળોએ દરોડા પાડ્યા હતા. આવકવેરા વિભાગે ભુજ, રાજકોટ અને ગાંધીધામમાં ૩૦ સ્થળોએ રેડ કરી હતી. આ દરોડા ફાયનાન્સ બ્રોકર અને રિઅલ એસ્ટેટ સાથે જોડાયેલા લોકોના સ્થળો પર પડ્યા હતા. શુક્રવારે જ ગુજરાત ATSએ એક ખાનગી માહિતીને આધારે દિલ્હીથી એક અફઘાન નાગરિકની ધરપકડ કરી હતી. તેની પાસેથી ૮ કિ.ગ્રા હેરાઇન જપ્ત કરવામાં આવ્યું હતું. આંતરરાષ્ટ્રીય બજારમાં તેની કિંમત ૫૬ કરોડ રૂપિયા હોવાનું કહેવાય છે.

### મિડીયા સેન્ટર ખાતે ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય પ્રવક્તા અને સાંસદ શ્રી સુધાંશુજી ત્રિવેદીએ એક પત્રકાર પરિષદ સંબોધી હતી.

# કોંગ્રેસ દ્વારા ભૂતકાળમાં પણ ભારતની ગરીમા અને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી ઉપર ઔકાત અને મોતના સોદાગર જેવા શબ્દો વાપરીને અપમાન કર્યું છે – શ્રી સુધાંશુ ત્રિવેદી

૧૯૪૬માં દેશના વડાપ્રધાન માટે વોટીંગ કરવામાં આવ્યું હતું ત્યારે પણ

જવાહરલાલ નહેરૂને શૂન્ય મત મળેલ હોવા છતાં અને સરદાર વલ્લભભાઇ પટેલને

પૂર્ણ બહુમતી હોવા છતાં વડાપ્રધાન તરીકે જવાહરલાલ નહેરૂને બનાવી

સરદાર સાહેબનું અને ગુજરાતનું અપમાન કર્યું હતું – શ્રી સુધાંશુ ત્રિવેદી

ગુજરાતની આ ચૂંટણી આઝાદીકા અમૃત મહોત્સવમાં યોજાતી હોવાથી કોંગ્રેસ દ્વારા

ગુજરાતનું અપમાન અને ગુજરાતના સપૂતોનું વારંવાર અપમાન કરતાં હોવાથી,

સન્માનનીય પદોનું અપમાન કરતાં હોવાથી વધુ કષ્ટદાયક બની જાય છે – શ્રી સુધાંશુ ત્રિવેદી

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી અને ગૃહ મંત્રીશ્રી અમીતભાઇ શાહ સાહેબ દ્વારા

ઓગષ્ટ ૨૦૨૧ના રોજ સરદાર સાહેબના સ્વપ્નોને સાકાર કરવા માટે

લોકસભામાં પ્રસ્તાવ લાવ્યા હતાં તે પ્રસ્તાવ આજે પુરો થયો છે. સરદાર સાહેબના સ્વપ્નોને

સાકાર કરવાનું કામ દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની

સરકારમાં થયું છે- શ્રી સુધાંશુ ત્રિવેદી કોંગ્રેસ પાર્ટીની ભારતની રાજનીતિમાં કથની અને કરની અલગ અલગ હોય છે – શ્રી સુધાંશુ ત્રિવેદી૨૦૧૯માં રાજસ્થાનની કોંગ્રેસ સરકાર દ્વારા દેશદ્રોહના કાનુનનો કડક અમલવારી કરી

દેશમાં દેશદ્રોહીઓને બચાવી પોતાની જ પાર્ટીના મંત્રીઓ અને ધારાસભ્યો ઉપર કરી

તેમની કથની અને કરનીમાં ભેદ કોંગ્રેસે બતાવી આપ્યો હતો – શ્રી સુધાંશુ ત્રિવેદી

૨૦૧૮માં મધ્યપ્રદેશની કમલનાથની સરકારની રચના સમયે દેશના ખેડૂતોનું દેવું માફ

કરવાની વાત કરી હતી જે આજે પણ દેવું માફ કરી શકી નથી – શ્રી સુધાંશુ ત્રિવેદી

કોંગ્રેસ દ્વારા આયોજીત ભારત જોડો યાત્રા તેમના જ નેતાઓના સ્થાન ઉપર પહોંચી શકતી નથી જ્યારે અમે તો દેશના લોહપુરૂષ સરદાર સાહેબની સૌથી ઉંચી પ્રતિમાને તેમના જ ગૃહ રાજ્યમાં પ્રસ્થાપિત કરી સન્માન આપવાનું કામ કર્યું છે – શ્રી સુધાંશુ ત્રિવેદી અમે માત્ર ગુજરાતમાં જ વિકાસની વાત કરતાં નથી પરંતુ દેશમાં ગુજરાત મોડેલને

પ્રસ્થાપિત કરી દેશને વિશ્વ ફલક ઉપર બેસાડી દીધું છે – શ્રી સુધાંશુ ત્રિવેદી

દિલ્હી મોડેલ એ દેશનું હાસ્યાસ્પદ મોડેલ છે. દિલ્હી મોડેલના પ્રણેતાના મંત્રીમંડળના

મંત્રીઓ જ આજે આરોપો સાબીત થતાં જેલના સળીયા ગણી રહ્યાં છે – શ્રી સુધાંશુ ત્રિવેદી

ગુજરાતમાં આજે ત્રીજો પક્ષ મેદાનમાં આવ્યો છે તેમાં કોંગ્રેસ પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા અને આમ આદમી પાર્ટી ગુજરાતમાં પગ પેસારો કરવા મેદાનમાં આવી છે રાજ્યમાં વિકાસની અવિરત યાત્રા ચાલુ રહે તે માટે સરકાર તો

ભારતીય જનતા પાર્ટી જ બનાવવા જઈ રહી છે – શ્રી સુધાંશુ ત્રિવેદી ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મિડીયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય પ્રવક્તા અને સાંસદ શ્રી સુધાંશુ ત્રિવેદીએ મિડીયા સેન્ટર ખાતે એક પત્રકાર પરિષદ સંબોધતા કહ્યું હતું કે, ગુજરાતમાં લોકતંત્રના પર્વ યોજાવા જઈ રહી છે. પરંતુ ચૂંટણીના આ વાતાવરણમાં અનેક પ્રકારના દ્રશ્યો અને વક્તવ્યો જોવા મળી રહ્યાં છે કે જેમાં લોકતંત્રની ભાવના અને ભારતની સંવૈધાનિક ગરીમા અને ગુજરાતના ગૌરવ એમ ત્રણેય ઉપર આઘાત કરનારા છે. મુખ્ય વિપક્ષ કોંગ્રેસના યુવરાજ દ્વારા ભારત જોડો યાત્રા કરી રહયાં છે. આજે કોંગ્રેસ દ્વારા તેમનો ચૂંટણી ઢંઢોરો જાહેર કરવા માટે તેમના રાષ્ટ્રીય અધ્યક્ષ આવવાના હતાં પરંતુ તેઓ આવ્યા નથી.

શ્રી સુધાંશુ ત્રિવેદીએ વધુમાં જણાવ્યું હતું કે, કોંગ્રેસના દિગ્ગજ નેતા શ્રી મધુસુદન મિસ્ત્રી એ આજે દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીજી ઉપર જે શબ્દ પ્રયોગ કર્યો છે તેની ભારતીય જનતા પાર્ટી વખોડી કાઢે છે આ કોઇ નવી વાત નથી. કોંગ્રેસ દ્વારા ભૂતકાળમાં પણ ભારતની ગરીમા અને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી ઉપર ઔકાત અને મોતના સોદાગર જેવા શબ્દો વાપરીને અપમાન કર્યું છે. ૧૯૪૬માં દેશના વડાપ્રધાન માટે વોટીંગ કરવામાં આવ્યું હતું ત્યારે પણ જવાહરલાલ નહેરૂને શૂન્ય મત મળેલ હોવા છતાં અને સરદાર વલ્લભભાઇ પટેલને પૂર્ણ બહુમતી હોવા છતાં વડાપ્રધાન તરીકે જવાહરલાલ નહેરૂને બનાવી સરદાર સાહેબનું અને ગુજરાતનું અપમાન કર્યું હતું. ગુજરાતની આ ચૂંટણી આઝાદીકા અમૃત મહોત્સવમાં યોજાતી હોવાથી કોંગ્રેસ દ્વારા ગુજરાતનું અપમાન અને ગુજરાતના સપૂતોનું વારંવાર અપમાન કરતાં હોવાથી સન્માનનીય પદોનું અપમાન કરતાં હોવાથી વધુ કષ્ટદાયક બની જાય છે. શ્રી ત્રિવેદીજી વધુમાં જણાવ્યું હતું કે, દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી અને ગૃહ મંત્રીશ્રી અમીતભાઇ શાહ સાહેબ દ્વારા ઓગષ્ટ ૨૦૨૧ના રોજ સરદાર સાહેબના સ્વપ્નોને સાકાર કરવા માટે લોકસભામાં પ્રસ્તાવ લાવ્યા હતાં તે પ્રસ્તાવ આજે પુરો થયો છે. સરદાર સાહેબના સ્વપ્નોને સાકાર કરવાનું કામ દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની સરકારમાં થયું છે. કોંગ્રેસ દ્વારા સંવૈધાનિક પદો પર બેઠેલા મહિલાઓ સહિતના વ્યક્તિઓનું



અપમાન કરવાનું ચૂકતી નથી. આમ કોંગ્રેસ ભારતીય જનતા પાર્ટી અને ગુજરાત પ્રત્યે વારંવાર જે ઝહેર ઓકે છે તેને ગુજરાતની જનતા જોઇ રહી છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની સરકાર અને ગુજરાત રાજ્યના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબની સરકારમાં વિકાસની જે અવિરત યાત્રા કરી રહી છે તેને અવિરત ચાલુ રાખવા માટે ગુજરાતની જનતા વર્ષ ૨૦૨૨માં ગુજરાતની વિધાનસભાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી ઉપર પોતાની મહોર મારી પૂર્ણ બહુમતી વાળી સરકારના નિર્માણમાં પોતાનો પક્ષ રાખવાની છે. શ્રી સુધાંશુ ત્રિવેદીજી એ પત્રકારોના પ્રશ્નોમાં જણાવ્યું હતું કે, કોંગ્રેસ પાર્ટીની ભારતની રાજનીતિમાં કથની અને કરની અલગ અલગ હોય છે. ૨૦૧૯માં રાજસ્થાનની કોંગ્રેસ સરકાર દ્વારા દેશદ્રોહના કાનુનનો કડક અમલવારી કરી દેશમાં દેશદ્રોહીઓને બચાવી પોતાની જ પાર્ટીના મંત્રીઓ અને ધારાસભ્યો ઉપર કરી તેમની કથની અને કરનીમાં ભેદ કોંગ્રેસે બતાવી આપ્યો હતો. ૨૦૧૮માં મધ્યપ્રદેશની કમલનાથની સરકારની રચના સમયે દેશના ખેડૂતોનું દેવું માફ કરવાની વાત કરી હતી જે આજે પણ દેવું માફ કરી શકી નથી. કોંગ્રેસ દ્વારા આજે જાહેર થયેલ મેન્યુફેસ્ટોમાં આપેલ વચનો ગુજરાતની જનતા કોંગ્રેસની કથની અને કરની જોઈ રહી છે ત્યારે તેમના આ મેન્યુફેસ્ટો ઉપર પણ ભરોસો કરવાની નથી. કોંગ્રેસ દ્વારા આયોજીત ભારત જોડો યાત્રા તેમના જ નેતાઓના સ્થાન ઉપર પહોંચી શકતી નથી જ્યારે અમે તો દેશના લોહપુરૂષ સરદાર સાહેબની સૌથી ઉંચી પ્રતિમાને તેમના જ ગૃહ રાજ્યમાં પ્રસ્થાપિત કરી સન્માન આપવાનું કામ કર્યું છે. અમે માત્ર ગુજરાતમાં જ વિકાસની વાત કરતાં નથી પરંતુ દેશમાં ગુજરાત મોડેલને પ્રસ્થાપિત કરી દેશને વિશ્વ ફલક ઉપર બેસાડી દીધું છે. ગુજરાતમાં આજે ત્રીજો પક્ષ મેદાનમાં આવ્યો છે તેમાં કોંગ્રેસ પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા અને આમ આદમી પાર્ટી ગુજરાતમાં પગ પેસારો કરવા મેદાનમાં આવી છે રાજ્યમાં વિકાસની અવિરત યાત્રા ચાલુ રહે તે માટે સરકાર તો ભારતીય જનતા પાર્ટી જ બનાવવા જઈ રહી છે. દિલ્હી મોડેલ એ દેશનું હાસ્યાસ્પદ મોડેલ છે. દિલ્હી મોડેલના પ્રણેતાના મંત્રીમંડળના મંત્રીઓ જ આજે આરોપો સાબીત થતાં જેલના સળીયા ગણી રહ્યાં છે. શ્રી ત્રિવેદીએ મેન્યુફેસ્ટો ક્યારે જાહેર કરવામાં આવશે તેના જવાબમાં જણાવ્યું હતું કે, રાજ્યની જનતાને હાલમાં કેવા પ્રકારની મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે તે જાણવા માટે સમગ્ર રાજ્યમાં સૂચન પેટીઓ મૂકવામાં આવી છે તેમજ અન્ય પધ્ધતિઓથી સૂચનો મંગાવવામાં આવેલ છે જે પ્રદેશ સમક્ષ આવી ગયા બાદ અને તેનો અભ્યાસ કર્યા બાદ ખૂબ જ ટુંકા સમયગાળામાં અમે ભારતીય જનતા પાર્ટીનો મેન્યુફેસ્ટો જાહેર કરીશું. ભારતીય જનતા પાર્ટીનો દરેક કાર્યકર શિસ્તમાં માનનારો છે તેમની ગેરસમજ પાર્ટી દ્વારા દૂર કરવામાં આવશે અને તેઓ પણ પક્ષ દ્વારા જાહેર કરવામાં આવેલ ઉમેદવારોને સમર્થન આપી જંગી બહુમતીથી જિતાડશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

# ૧૪ નવેમ્બર, ''બાળ દિવસ''

## હતું અહંભવ વગરનું બાળપણ, જાણે એ કપટ વિનાનું ભોળપણ એ જ સાકર પણ અને ગોળ પણ, યાદ આવે છે બાળપણનું ગળપણ



દર વર્ષે ૧૪ નવેમ્બરનાં દિવસને ''બાળ દિવસ'' તરીકે ઉજવવામાં આવે છે. ેન્દ્ર દ્વારા ૨૦ નવેમ્બર, ૧૯૫૪નાં રોજ બાળ દિવસ ઉજવવાની જાહેરાત કરવામાં આવી હતી જ્યારે ભારતમાં પંડિત જવાહરલાલ નહેરુનાં નિધન પહેલા ૨૦ નવેમ્બરનાં રોજ ''બાળ દિવસ'' મનાવવામાં આવતો હતો, પરંતુ ૨૭ મે ૧૯૬૪નાં રોજ પંડિત જવાહરલાલ નહેરુનાં નિધન બાદ બાળકો પ્રત્યે તેમનાં પ્રેમને જોતા સર્વસંમતિથી એ નિર્ણય થયો કે હવેથી દર વર્ષે ૧૪ નવેમ્બરનાં રોજ ચાચા નહેરુનાં જન્મ દિવસ પર બાળ દિન મનાવવામાં આવશે ત્યારબાદથી દર વર્ષે ૧૪ નવેમ્બરના રોજ બાળ દિવસ મનાવવામાં આવે છે. આ દિવસનો મુખ્ય હેતુ બાળ અધિકારો પ્રત્યે લોકોને જાગૃત કરવાનો છે. એક બાળકનું મન કુમળું હોય છે. હાલનાં સમયમાં ક્યાંક બાળકનાં મન સાથે ચેનચાળા કરીને એને ક્યાંકને ક્યાંક પૈસાની કે બીજી કોઈ વસ્તુની લાલચમાં ખોટા કામો કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. ઘણી વખત તો આ કામ બાળકનાં માતા પિતા દ્વારા જ કરવામાં આવે છે જે ખરેખર ખુબ દયનીય બાબત છે. બાળકને બાળક સમા જ રહેવા દેવું જોઈએ. માતા પિતાએ ક્યારેય પણ પોતાનાં અંગત સ્વાર્થ માટે બાળકોનું જીવન ન બગાડવું જોઈએ કે તેઓ માનસિક રીતે ઉદાસીન થાય તેવું ન થવા દેવું જોઈએ. એ ખૂબ જરુરી છે કે બાળકોને યોગ્ય શિક્ષણ, પોષણ, સંસ્કાર મળે કારણકે બાળકો દેશનું ભવિષ્ય છે. બાળકનાં સારા ભવિષ્ય માટે, સર્વાંગી વિકાસ તથા તેનાં મૂળભૂત હકોના રક્ષણ માટે કટિબદ્ધ થવા બાળ દિવસ સમગ્ર વિશ્વભરમાં ઉજવાય છે. આપણાં દેશમાં બાળ દિવસને મસ્તી અને આનંદનાં દિવસ તરીકે પણ ઉજવવામાં આવે છે. આપણાં દેશનાં બંધારણમાં પણ ૬ થી ૧૪ વર્ષનાં તમામ બાળકોને મફત અને ફરજીયાત પ્રાથમિક શિક્ષણની વાત કરી છે. બાળક એ આવતીકાલનું સમાજ છે. આવતીકાલનાં નાગરીકને વિકાસની હરણ ફાળમાં તમામ પ્રકારે મદદ સાથે તેમના કલ્યાણ બાબતેના કાર્યોમાં સમાજના દરેક વર્ગે મદદરૂપ થવું જરૂરી છે. આજે ગરીબ મા-બાપના સંતાનો આર્થિક ઉપાર્જન માટે દુકાનો-રેસ્ટોરન્ટો, ચા-પાનગલ્લે કે અન્ય સ્થળે બાળ મજૂરી કરીને પૈસા કમાય છે. ભણવાની ઉમંરે કામ કરતા બાળકોની સંખ્યા આપણા દેશમાં ઘણી છે. આ બાબતે કાયદો તો છે પણ અમલવારી ન થવાથી બાળ મજૂરી પ્રથા આજે પણ ચાલું છે. આ બાળ દિવસે સૌ આ તરફ ચિંતા કરવાની જરૂર છે. બાળકોને નાગરિક તરીકે વિકસવાનો અધિકાર છે જે માટે આજે તો બધા માટે વિવિધ કાર્યક્રમો થતા હોય છે પણ બાળકો માટેના કાર્યક્રમોની અછત છે. ચિલ્ડ્રન કલબસ શરૂ કરીને કલ્ચરલ અને સ્પોર્ટ્સમાં વિકાસ કરવો અને તેના રસ રૂચિ વલણોને ધ્યાને લઈને તમામ મદદ કરવી સૌની નૈતિક જવાબદારી છે. બાળકોને વિકસવા માટે સુરક્ષિત અને પ્રેમાળ વાતાવરણ પ્રદાન સાથે વિશાળ અને સમાન તકો આપવી જોઈએ જેથી તે રાષ્ટ્રનાં વિકાસમાં લાંબા ડગલા ભરી શકે. બાળકનો શિક્ષિત અને સ્વસ્થ નાગરિક તરીકે વિકસવાનો અધિકાર છે.

હતું અહંભવ વગરનું બાળપણ, જાણે એ કપટ વિનાનું ભોળપણ એ જ સાકર પણ અને ગોળ પણ, યાદ આવે છે બાળપણનું ગળપણ

# પ્રચાર માધ્યમો માટે 'એક્ઝિટ પોલ' અને ઓપિનિયન પોલ સંદર્ભે માર્ગદર્શક સૂચનાઓ : આજથી 'એક્ઝિટ પોલ' પર પ્રતિબંધ

ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨ ના સંદર્ભે મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરી, ગુજરાત દ્વારા પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયાના ''એક્ઝિટ પોલ'' અને ''ઓપિનિયન પોલ'' પ્રકાશિત કે પ્રસિદ્ધ કરવા સંદર્ભે માર્ગદર્શિકા જારી કરવામાં આવી છે.આ માર્ગદર્શિકા અંતર્ગત આવતીકાલ તા.૧૨.૧૧.૨૦૨૨ ને શનિવારે સવારે ૮:૦૦ વાગ્યાથી તા.૫.૧૨.૨૦૨૨ ને સોમવારે સાંજે ૫:૩૦ વાગ્યા સુધી હિમાચલ પ્રદેશ અને ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓના સંદર્ભે પ્રિન્ટ કે ઈલેક્ટ્રોનિક મીડિયા કોઈપણ પ્રકારના 'એક્ઝિટ પોલ' કે તેના પરિણામો પ્રકાશિત નહીં કરી શકે, કે અન્ય કોઈપણ રીતે તેનો પ્રચાર-પ્રસાર નહીં કરી શકે. ભારતના ચૂંટણી આયોગ, નવી દિલ્હી દ્વારા તા.૧૦.૧૧.૨૦૨૨ ના જાહેરનામાથી આ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

આ ઉપરાંત 'ઓપિનિયન પોલ' સંદર્ભે પ્રતિબંધિત આદેશો સ્પષ્ટ કરતાં ભારતના ચૂંટણી આયોગે જણાવ્યું છે કે, હિમાચલ પ્રદેશ અને ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણીના મતદાનના દિવસે મતદાનનો સમય સમાપ્ત થતો હોય તે સમય પૂર્વેના ૪૮ કલાક દરમિયાન કોઈપણ ઈલેક્ટ્રોનિક મીડિયા કોઈપણ 'ઓપિનિયન પોલ' કે અન્ય મતદાન સર્વેક્ષણના પરિણામો સહિત ચૂંટણી સંબંધી કોઈપણ પ્રકારનું સર્વેક્ષણ પ્રદર્શિત કરી શકશે નહીં.

### ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨

# ગાંધીનગર જિલ્લામાં મુદ્રણ સ્થળ અને પ્રકાશકનાં નામ-સરનામાં વગરનાં ચૂંટણીલક્ષી ચોપાનિયાં અને ભીંતપત્રો છાપવા કે પ્રસિદ્ધ કરવા પર પ્રતિબંધ

## પ્રકાશકની ઓળખ અંગેના પુરાવા આપ્યા વિના કોઈ પણ વ્યક્તિ ચૂંટણીલક્ષી સામગ્રી છપાવી શકશે નહીં

ગાંધીનગર, શનિવારઃ

આગામી વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨ને અનુલક્ષીને ગાંધીનગર જિલ્લામાં સમગ્ર ચૂ:ટણી પ્રક્રિયા દરમિયાન કોઈ પણ વ્યક્તિ મુદ્રણ સ્થળ અને પ્રકાશકનાં નામ અને સરનામાં વગરના ચૂંટણીલક્ષી ચોપાનિયાં, ભીંતપત્રો વગેરે છાપી કે પ્રસિદ્ધ કરાવી શકશે નહીં. આ પ્રકારની ચૂં:ટણીલક્ષી સામગ્રી છપાવતા પૂર્વે પ્રકાશકની ઓળખ અંગેના એકરારની બે નકલ મુદ્રકને આપ્યા બાદ જ કોઈ પણ વ્યક્તિ ચૂંટણીલક્ષી ચોપાનિયાં, ભીંતપત્રો કે અન્ય સામગ્રી છાપી કે છપાવી શકાશે નહીં આ અંગેનું જાહેરનામું નિવાસી અધિક કલેક્ટરશ્રી શ્રી ભરત જોષી દ્વારા બહાર પાડવામાં આવ્યું છે.

આ જાહેરનામામાં જણાવ્યા અનુસાર ગાંધીનગર જિલ્લામાં સમાવિષ્ટ પાંચ વિધાનસભા મતવિસ્તારો માટે આગામી તા. ૫ ડિસેમ્બર, ૨૦૨૨ના રોજ મતદાન અને તા. ૮ ડિસેમ્બરના રોજ મતગણતરી યોજાનાર છે. ત્યારે આ સમગ્ર ચૂંટણી પ્રક્રિયા દરમિયાન આદર્શ આચાર સંહિતાની કડક અમલવારી તથા પાલન થાય તે અત્યંત જરૂરી હોઈ, નિવાસી અધિક કલેક્ટરશ્રી દ્વારા સમગ્ર જિલ્લાના મુદ્રકોને ઉક્ત આદેશની જોગવાઈઓ મુજબની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવા જણાવવામાં આવ્યું છે. જે અંતર્ગત ચૂંટણીને લગતાં ચોપાનિયાં, ભીંતપત્રો કે અન્ય સામગ્રીનું છાપકામ કરતી વખતે મુદ્રક અને પ્રકાશકનાં નામ અને સરનામા અચૂક દર્શાવવા જણાવવામાં આવ્યું છે.

આ માટે ચૂંટણીલક્ષી કોઈ પણ સામગ્રીનું મુદ્રણ હાથ ધરતાં પહેલાં મુદ્રકે ચૂંટણી આયોગ દ્વારા નક્કી કરાયેલું નિયત નમૂના મુજબનું એકરાર પત્ર બે નકલમાં પ્રકાશક પાસેથી મેળવવાના રહેશે. એટલું જ નહીં, મુદ્રકે પણ ત્રણ દિવસમાં જિલ્લા ચૂંટણી અધિકારી સમક્ષ પણ છાપેલા દસ્તાવેજોની નકલ સાથે રજૂ કરવાની રહેશે. આ હુકમનો ભંગ કરનાર છ માસની સજા અથવા રૂ. ૨૦૦૦/- દંડને પાત્ર થશે તેમ જણાવવામાં આવ્યું છે. આ જાહેરનામું આગામી તા. ૧૨મી ડિસેમ્બર, ૨૦૨૨ સુધી અમલમાં રહેશે.

# જૂનાગઢના ભાજપના ઉમેદવાર અને તેમના પત્ની કરોડપતિ; કેશોદના ધારાસભ્ય મંત્રી છતાં મિલકત ઘટી

જૂનાગઢ,તા.૧૨

વિધાનસભાની ચૂંટણી જાહેર થતાં ભાજપ કોંગ્રેસના ઉમેદવારોએ પોતાના ઉમેદવારી પત્રો ચૂંટણી અધિકારી સમક્ષ રજૂ કર્યા છે. જેમાં મિલકત, ગુના સહિતની વિગતો આશ્ચર્ય પમાડે તેવી જોવા મળી છે. કેશોદના ધારાસભ્ય દેવાભાઈ માલમ મંત્રી હોવા છતાં તેમની સ્થાવર અને જંગમ બંને મિલ્કતમાં ઘટાડો થયો છે. જ્યારે માંગરોળના કોંગી ધારાસભ્યની જંગમ અને સ્થાવર બંને મિલકતોમાં વધારો થયો છે.

વિસાવદરના પૂર્વ ધારાસભ્ય હર્ષદ રિબડીયાનીએ ગત ચૂંટણીમાં ભરેલા ઉમેદવારી પત્રમાં દર્શાવેલ મિલકતો મુજબ જંગમ મિલ્કત ૧૧,૭૯,૪૫૫ અને સ્થાવર મિલ્કત ૧,૧૩,૪૫,૦૦૦ હતી અને દેવુ ૨૧,૪૪,૩૩૪ હતું. જ્યારે આ વર્ષે ભરેલા ઉમેદવારી પત્રમાં દર્શાવેલ જંગમ મિલકત ૧૩,૨૯,૯૮૫ અને સ્થાવર મિલ્કત ૯૪,૮૮,૦૦૦ અને દેવુ ૨૧,૩૭,૯૧૦ છે. જ્યારે હર્ષદ રિબડીયા પાસે બે હથિયાર છે. જેમાં એક રિવોલ્વર અને બાર બોરની બંદુક છે.માણાવદર બેઠક પર કોગ્રેસના ઉમેદવાર અરવિંદભાઈ લાડાણીએ ૨૦૧૯ની પેટા ચૂંટણીમાં ભરેલા ઉમેદવારી પત્ર દર્શાવેલ જંગમ મિલકત ૪,૬૯,૦૪૬ અને સ્થાવર મિલકત ૮૦,૫૦,૦૦૦ દેવું ૨,૨૪,૦૦૦ અને હાથ પર રોકડ ૨,૯૫,૦૦૦ હતાં. જ્યારે આ વિધાનસભાની ચૂંટણીમાં ભરેલા ઉમેદવારી પત્રમાં જંગમ મિલકત ૧,૧૧,૬૪૪ સ્થાવર મિલકત ૯૫,૦૦,૦૦૦ દેવું ૩,૩૬,૦૦૦ હાથ પર રોકડ માત્ર ૩૦,૦૦૦ છે. વાહનમાં માત્ર એક મોટર સાયકલ જ છે.માંગરોળ બેઠક પર કોગ્રેસના ધારાસભ્ય બાબુભાઈ વાજાની મિલકતમાં પાંચ વર્ષમાં વધારો થયો છે. જેમાં ૨૦૧૭ની ચૂંટણીમાં જંગમ મિલકત ૭,૩૮,૦૬૬ અને સ્થાવર મિલકત ૫૫,૦૦,૦૦૦ દેવું ૪,૬૭,૮૦૦ હતું. આ ચૂંટણીમાં ભરેલા ઉમેદવારી પત્રમાં દર્શાવેલ જંગમ મિલકત ૭,૮૫,૯૨૪ અને સ્થાવર મિલકત ૭૦,૦૦,૦૦૦ અને દેવું ૪,૨૮,૨૦૦ છે.કેશોદ બેઠક પરના ધારાસભ્ય અને રાજ્ય સરકારના પશુપાલન મંત્રી દેવા માલમની મિલકતમાં પાંચ વર્ષ દરમ્યાન ઘટાડો થયો છે. ગત ચૂંટણીમાં ભરેલા ઉમેદવારી પત્રમાં દર્શાવેલ જંગમ મિલકત ૨૦,૮૭,૫૦૦ અને સ્થાવર મિલકત ૪,૮૩,૪૩,૫૮૦ હતી. જ્યારે ચાલુ વિધાનસભાની ચૂંટણીમાં ભરેલા ઉમેદવારી પત્રમાં દર્શાવેલ જંગમ મિલકત ૧૯,૨૫,૦૦૦ અને સ્થાવર મિલકત ૪,૩૩,૨૩,૦૦૦ દર્શાવી છે. મંત્રી હોવા છતાં મિલકતમાં ઘટાડો થયો છે.

જ્યારે જૂનાગઢ બેઠક પર ભાજપના ઉમેદવાર સંજયભાઈ કોરડીયાએ આજે ભરેલા ઉમેદવારી પત્રમાં દર્શાવેલ જંગમ મિલકત ૩,૨૭,૬૬,૨૮૬ અને સ્થાવર મિલકત ૭,૨૧,૦૮,૦૦૦ છે. જ્યારે દેવું ૧,૪૨,૦૨,૦૯૭ છે. જ્યારે તેમના પત્ની પાસે જંગમ મિલકત ૩,૨૯,૬૧,૩૩૬ અને સ્થાવર મિલકત ૭૬,૩૦,૦૦૦ છે. જ્યારે દેવું ૬૦,૨૫,૦૦૦ દર્શાવેલ છે. ભાજપના ઉમેદવાર સંજયભાઈ કોરડીયા પાસે હાથ પર રોકડ માત્ર ૭૦,૬૩૯ છે. તેમના પત્ની પાસે ૫૦,૨૬૬ રોકડ છે.માણાવદર બેઠકના આમ આદમી પાર્ટીના ઉમેદવારે આજે ઉમેદવારીપત્ર ભર્યું છે. જેમાં સોગંદનામામાં આપેલી વિગત મુજબ, આમ આદમી પાર્ટીના ઉમેદવાર કરશન પરબતભાઈ ભાદરકાના નામે એક લાખની જંગમ, ૭૫ લાખની સ્થાવર મળી કુલ ૨.૨૨ કરોડની મિલકત છે.

# આચાર્ય લોકેશજી રવિવારે જોધપુર અને શ્રી નાકોડાની યાત્રાએ જશે



રાજસ્થાનનાં મારવાડ પ્રદેશમાં જન્મેલા અને ભણેલા દિક્ષિત વિશ્વ શાંતિ દૂત આચાર્ય ડો.લોકેશજી ૧૩મી નવેમ્બરને રવિવારે રાજસ્થાનમાં એક દિવસનાં રોકાણ પર રહેશે. તેઓ સવારે દિલ્હીથી નીકળશે અને સવારે ૮.૦૦ વાગ્યે જોધપુર એરપોર્ટ પહોંચશે. જોધપુર એરપોર્ટથી તેઓ પચપાદરા, બાલોત્રા થઈને વિશ્વ પ્રસિદ્ધ શ્રી નાકોડા તીર્થ પહોંચશે અને ભગવાન પાર્શ્વનાથનાં મંદિરમાં દેશ અને વિશ્વમાં શાંતિ, સુખ માટે ધ્યાન અને પ્રાર્થના કરશે.

મજબૂત વિચારક, લેખક, વિશ્વ વિખ્યાત જૈનાચાર્ય ડૉ.લોકેશજી લાંબા સમય પછી તેમના જન્મ, શિક્ષણ અને દીક્ષા સ્થળ પર આવી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે ભૂતકાળમાં તેઓ અમેરિકા, કેનેડા અને કઝાકિસ્તાનનો વિશ્વ શાંતિ પ્રવાસ પૂરો કરીને ભારત પરત ફર્યા હતા, આ મુલાકાત દરમિયાન બંદૂકની હિંસા સામે ઝઝૂમી રહેલા અમેરિકી રાષ્ટ્રપતિ જો બિડેનને આ સમસ્યાને ઉકેલવા માટે '' મૂલ્ય આધારિત શાંતિ શિક્ષણ'' અમેરિકન શાળાઓમાં અમલીકરણ માટે ભલામણ કરેલ.

આચાર્ય લોકેશજી દ્વારા સ્થાપિત સંસ્થા 'અહિંસા વિશ્વ ભારતી' ફાઉન્ડેશન યુએસએ દ્વારા લોસ એન્જલસમાં વિશ્વ શાંતિ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં આર્ટ ઓફ લિવિંગના સ્થાપક શ્રી શ્રી રવિશંકર સહિત અનેક ધર્મગુરુઓ, શિક્ષણવિદો, સામાજિક કાર્યકરો અને બોલિવૂડ-હોલીવુડનાં અનેક કલાકારો હાજર રહ્યા હતા. આચાર્ય ડો.લોકેશજીએ કઝાકિસ્તાનમાં યોજાયેલી વર્લ્ડ કોંગ્રેસમાં પણ જૈન ધર્મનું પ્રતિનિધિત્વ કર્યું હતું, જેમાં સર્વોચ્ચ ખ્રિસ્તી નેતા પોપ ફ્રાન્સિસ સહિત ૫૦ દેશોના ૧૦૦ ધર્મગુરુઓએ ભાગ લીધો હતો.

રાજસ્થાન માટે ગર્વની વાત છે કે ભારતનું પ્રથમ 'વર્લ્ડ પીસ સેન્ટર' દિલ્હી નજીક ગુરુગ્રામમાં તેની ધરતીનાં સપૂત આચાર્ય લોકેશજી દ્વારા સ્થાપિત થવા જઈ રહ્યું છે. છેલ્લા દિવસે ભૂમિપૂજન બાદ બાંધકામની કામગીરી તેજ ગતિએ ચાલી રહી છે, મહત્વકાંક્ષી પ્રોજેક્ટ દોઢ વર્ષમાં પૂર્ણ થશે.

આચાર્ય લોકેશજી નાકોડા તીર્થસ્થાનની મુલાકાત લીધા બાદ બાલોત્રા, પચપાદરા થઈને જોધપુર પહોંચશે જ્યાં તેઓ સાંજે ૫.૦૦ કલાકે

'માનક અલંકરણ સન્માન' સમારોહની અધ્યક્ષતા કરશે જેમાં રાજસ્થાનનાં મુખ્યમંત્રી શ્રી અશોક ગેહલોત મુખ્ય અતિથિ અને વિશેષ અતિથિ તરીકે ભાગ લેશે. પૂર્વ સાંસદ શ્રી. જસવંતસિંહ બિશ્નોઈ, રાજસ્થાન પશુધન વિકાસ બોર્ડના અધ્યક્ષ શ્રી રાજેન્દ્ર સોલંકી, રિકોના ડાયરેક્ટર શ્રી સુનિલ પરિહાર, ધારાસભ્ય શ્રીમતી મનીષા પવાર વગેરે તેમાં ભાગ લેશે. સમારોહ બાદ આચાર્યશ્રી એક દિવસનો રાજસ્થાન પ્રવાસ પૂર્ણ કરીને દિલ્હી પરત ફરશે.

## સંસ્થા સમાચાર




પ્રગતિ મિત્ર મંડળ (બોરીવલી-કાંદિવલી)નો ૭૦મો સ્થાપના દિવસની ઉજવણી કરી હતી. આ પ્રસંગે સંસ્થાના માનદ્ મંત્રી ભાવેશ મહેતાએ સૌનું સ્વાગત કર્યું હતું. ટ્રસ્ટીશ્રી નિતીન નથવાણીએ સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓની વિગતવાર માહીતી આપી હતી અને હાજર ટ્રસ્ટીઓ, દાતાઓ અને કારોબારી સમિતીના સભ્યોને અભિનંદન આપ્યા હતા. ટ્રસ્ટીશ્રી વિનોદ વોરા,અનંત મહેતા, નિરંજન શેઠ, રાજ કવા,નિતીન નથવાણી, પદ્મા વોરા, નિલિમા પ્રભુ, અને રંજન ભુતાતથા દાતાઓ સુરેશ પ્રભુ, મૃદુલાબેન ભગત, પ્રવિણ મહેતા અનેપૂર્વ પ્રમુખ વસંત શાહ,કારોબારી સમિતીના સભ્યો લલિત મોદી, મહેન્દ્ર શાહ, મીના મહેતા, અમિષ કાનાણી, નિલેશ ગોરડીયા, શિલ્પા રાજ્યગુરૂ, વિપુલ ધાબલીયા, નયના ખખ્ખર, ભાનુભાઈ શાહ, હર્ષદા મહેતા અને આમંત્રિત શશિકાંત શેઠ, ધરમદાસ ગોરડીયા,ભુપેશ સિરોદરીયા, કલ્પેશ ગોરડીયાઉપસ્થિત રહ્યા હતાં. આભાર વિધી માનદ્ મંત્રી ભાવેશ મહેતાએ કરી હતી.

# 'અવરસ લોકશાહીનો' અભિયાન અંતર્ગત જિલ્લામાં તા. ૧૪મી નવેમ્બરથી વિવિધ મતદાન જાગૃત્તિ કાર્યક્રમો યોજાશે

## જિલ્લામાં મતદાન જાગૃત્તિ અર્થે ચિત્ર, રંગોળી, રેલી, સંગીત, સહી ઝુંબેશ અને શપથ સહિતના વિવિધ કાર્યક્રમો યોજાશે

ગાંધીનગર, શનિવારઃ

ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી- ૨૦૨૨માં મતદાનની ટકાવારી વધે અને નાગરિકો ઉત્સાહભેર મતદાન કરવા પ્રેરાય એવા ઉમદા આશયથી ચૂંટણી પંચ દ્વારા શરૂ કરવામાં આવેલા 'અવસર લોકશાહીનો' અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. આ અભિયાન અંતર્ગત ગાંધીનગર જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી પ્રવિણા ડી.કે.ના માર્ગદર્શન હેઠળ મતદાન જાગૃત્તિ અર્થે વિશ્વની સૌથી મોટી લોકશાહી એવા આપણા દેશ ભારત દેશમાં ચૂંટણી પ્રક્રિયા એક અવસરની જેમ યોજાય તેવા ઉમદા આશયથી ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણીને રાજયના મુખ્ય નિર્વાચન અધિકારી દ્વારા 'અવસર લોકશાહીનો' અભિયાન તરીકે સાંકળીને વિવિધ જનજાગૃતિના કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. આ અવસરમાં સૌ નાગરિકો સહભાગી બને અને ઉત્સાહપૂર્વક મતદાન કરે તેવા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. આ અભિયાન હેઠળ ગાંધીનગર જિલ્લામાં જીફઈઈઁ-સ્વીપ અંતર્ગત વિવિધકાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

જે અંતર્ગત તા. ૧૪મી નવેમ્બર, ૨૦૨૨ના રોજ જિલ્લામાં મતદાન જાગૃતિ અર્થે ચિત્ર સ્પર્ધા યોજાશે. જ્યારે તા. ૧૬મી નવેમ્બરના રોજ કોઈ પણ એક સ્થળે રંગોળી કાર્યક્રમ અને તા. ૧૭મી નવેમ્બરના રોજ જાહેરસ્થળો ખાતે પોસ્ટર બેનરથી મતદાન જાગૃત્તિ કાર્યક્રમ યોજાશે. તા.૨૧મી નવેમ્બરના રોજ મતદાન અંગેનો શપથ કાર્યક્રમ, તા. ૨૪મી નવેમ્બરના રોજ સિગ્નેચર કેમ્પેઈન, તા. ૨૬મી નવેમ્બરના રોજ મતદાન જાગૃત્તિ રેલી અને તા. ૩૦મી નવેમ્બરના રોજ સંગીતના કાર્યક્રમનું આયોજન કરવામાં આવનાર છે. આ કાર્યક્રમમાં શાળાના વિવિધ વિદ્યાર્થીઓને સાથે રાખીને યોજવામાં આવશે.

# જુનાગઢ ભવનાથનાં વોકળામાં ડુબી જતા અજાણ્યા યુવાનનું મોતઃ લાશ મળી

જુનાગઢ તા.૧૨

ગત સાંજે ૭ના સુમારે બનેલી ઘટનામાં જીલ્લા પંચાયત ગ્રાઉન્ડના ભાગે આવેલ વોંકળામાં એક અજાણ્યો ઈશમ ઉ.૪૦થી ૪૫ વાળો ડુબી જતા મોત નોંધાયું હતું. આ અંગે ભવનાથ પોલીસમાં હાર્દીકભાઈ બાવનજીભાઈ વાઘેલા રે. કડીયા પ્લોટ વાળાએ જાણ કરતાભવનાથ પોલીસે આ શખ્સ કોણ છે તેની તપાસ હાથ ધરી લાશને સરકારી હોસ્પિટલ કોલ્ડ રૂમમાં રાખ્યાનું જાણવા મળેલ છે.દરમિયાન બિલખાના મેવાસા (કમરી) ગામે રહેતા ધીરુભાઈ હીરજીભાઈ ગોરસીયાની દિકરી વંદનાબેનના લગ્ન અઢી વર્ષ પહેલા વિસાવદર ખાતે થયેલ.

# ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨

ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨નું મતદાન તા. ૦૧/૧૨/૨૦૨૨ (પ્રથમ ચરણ) તથા તા. ૦૫/૧૨/૨૦૨૨ (દ્વિતીય ચરણ) રોજ યોજાનાર છે. તા. ૦૩/૧૧/૨૨થી આદર્શ આચાર સંહિતા(Model Code of Conduct) અમલમાં આવતા ચૂંટણી પ્રક્રિયા મુક્ત અને ન્યાયી વાતાવરણમાં યોજાયા તે હેતુસર કાયદો અને વ્યવસ્થા જાળવવા અંગે નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છેઃ

૨.ગુજરાત નશાબંધી અધિનિયમ,૧૯૪૯ અન્વયે રાજયમાં તા.૦૩/૧૧/૨૦૨૨ થી તા.૧૧/૧૧/૨૦૨૨સુધી કુલ૧૦,૧૫૦ કેસો કરવામાં આવેલ છે જેમાં ૮,૩૪૬ આરોપીઓની ધરપકડ કરવામાં આવેલ છે. ઉપરોક્ત કેસોમાં ૮,૩૮,૦૬૦ રૂ. નો દેશી દારૂ ૪,૦૫,૯૦,૩૨૫ રૂ. નો ભારતીય બનાવટનો વિદેશી દારૂ (IMFL) તથા ૬,૦૪,૨૨,૩૨૧ રૂ. અન્ય ચીજ-વસ્તુઓ સાથે કુલ રૂપિયા ૧૦,૧૮,૫૦,૭૦૬/- નો મુદ્દામાલ પકડવામાં આવેલ છે.

૩.રાજયમાCriminal Procedure Code, ૧૯૭૩હેઠળ ૭૮,૩૮૬ કેસો,Gujarat Prohibition Ac, ૧૯૪૯હેઠળ ૧૪,૨૧૫ કેસો,Gujarat Police Act, ૧૯૫૧હેઠળ ૧૦૫૦ કેસો તથા PASA ACT, ૧૯૮૫હેઠળ ૪૭૦ કેસો એમ વિવિધ કલમો હેઠળ કુલ ૯૪,૧૨૧અટકાયતી પગલાં લેવામાં આવેલ છે.

૪.રાજયમાં કુલ ૫૫,૬૪૦પરવાના ધરાવતા હથિયાર ધારકો પાસેથી ૪૭,૬૮૨ (૮૫.૬૯%)હથિયારો જમા લેવામાં આવેલ છે તથા અન્ય બાકીના હથિયારો જમા લેવાની કામગીરી હાલમાં ચાલુ છે.

૫.રાજયમાંતા. ૦૩ /૧૧/ ૨૦૨૨ થી આજ દિન સુધી કુલ ૧૬,૩૦૫Non Bailable Warran ની બજવણી કરવામાં આવેલ છે.

૬.રાજયમાં્રી Arms Act, ૧૯૫૯ હેઠળ ૨૬ ગેરકાયદેસર હથિયાર તથા ૪૯ ગેરકાયદેસર દારૂગોળા જમા કરવામાં આવેલ છે.

૭.રાજયમાં NDPS Act, ૧૯૮૫ હેઠળ કુલ ૧૭ કેસો નોંધી,કુલ ૧,૦૧,૨૫,૫૬૪/-નો ૧૨૯.૮૬ કિ.ગ્રા.નો NDPS પદાર્થ પકડવામાં આવેલ છે.

૮.રાજયમાં હાલ ૧૪૦ આંતરરાજય ચેક પોસ્ટ, ૧૬૩૮ Static Surveillance Teams તથા ૫૮૬ Flying Squads કાર્યરત છે.

તેમના દ્વારા અત્યાર સુધીમાં ગેરકાયદેસર કેશ રૂપિયા/ ઘરેણા ને લગતા વલસાડ, અમદાવાદ શહેર, ભરૂચ જિલ્લા તથા સુરત શહેર ખાતે ૦૫ કેસો નોંધવામાં આવેલ છે. જેમાં ૪૮,૮૩,૦૦૦/- રૂપિયાની કેશ તથા ૩૭,૭૩,૫૬૫/- રૂપિયાની કિંમતના ઘરેણાં એમ કુલ મળીને ૮૬,૫૬,૫૬૫/- રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરી Income Tax Departmentને જાણ કરવામાં આવેલ છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.